# પરબ

૧ પરબ દર માસની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે

૨. પરિષદના સભ્યનું વાર્ષિક લવાજમ પરબ સાથે રૂ. ૨૦-૦૦ છે આજીવન સભ્ય માટેનું લવાજમ રૂ. ૨૦૦-૦૦ છે. વર્ષમાં ગમે ત્યારે સભ્ય થઈ શકાય છે પરન્તુ અધવચ્ચે વાર્ષિક લવાજમ ભરનાર સભ્યનું લવાજમ ડિસેમ્બર અંતે પૂરું થયેલું ગણાશે પરબના અંકો સભ્ય થયા પછી જ મોકલવાના શરૂ થશે

૩. જેમને માત્ર પરબ જ મેળવવું હોય તેમને માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧૫-૦૦ છે. જાન્યુઆરીથી ગ્રાહક થવું આવશ્યક છે.

૪. સભ્યનોંધણી અને લવાજમ મોકલવા માટે, જાહેરખબર તેમજ અવલોકન નાં પુસ્તકો અને વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું:

મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે, પો. બો. નં. ૪૦૬૦
અમદાવાદ-૩૮૦ ૦૦૯

[ફોન : ૭૭૯૪૭]

૫ પરબમાં અભ્યાસપરક વિવેચનાત્મક સંશોધનવિષયક લેખો, વાર્તા કવિતાના કૃતિનિષ્ઠ આસ્વાદો તથા વિભિન્ન ભાષા – સાહિત્યનાં વિશિષ્ટ પુસ્તકોના ટૂંકાં અવલોકનોને અને સર્જનાત્મક સાહિત્યને સ્થાન રહેશે

૬. પરબમાં પ્રગટ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી જે તે લેખકની રહેશે

<u>આ અંકની છૂટક કીમત : રૂ. ૨/-</u>

પરબ-પ્રબંધ સમિતિ
પ્રિયકાન્ત પરીખ, નરોત્તમ પલાણ, જયંત મહેતા

*

સંપાદકીય પત્રવ્યવહાર
પરેશ
અમદાવાદ-૩૮૦ ૦૦૯

પરબ

વર્ષ ૨૩ - અંક ૧૧

નવેમ્બર ૧૯૮૨

# ‘નામ મારું ભાષામાં ઓગળી ગયું છે’

‘સપ્તપદી’ ઉમાશંકર જોશીનું એક મહત્ત્વનું સર્જન છે, એક પ્રૌઢ અને પરિપક્વ તથા તાજગીભર્યું સર્જન છે એક વ્યક્તિ તરીકે અને એક કવિ તરીકે, ખરેખર તો એક કવિ તરીકે ઉમાશંકર જે આંતરિક, આધ્યાત્મિક મંથનો અને મથામણોમાંથી પસાર થતા રહ્યા છે, ‘સપ્તપદી’ તેની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

કવિની વય સાથે કે તેની પ્રથમ અંતિમ રચના સાથે કવિતાને સંબંધ હોય જ એવું નથી પરંતુ વીસ વર્ષના તરુણ કવિએ રચેલી ‘વિશ્વશાંતિ’ (૧૯૩૧) અને પરિણતપ્રજ્ઞ કવિએ રચેલી આજ સુધીની તેમની રચનાઓમાં અંતિમ ‘સપ્તપદી’ (૧૯૮૧) ગુજરાતી કવિતાના ઇતિહાસમાં ઘટનારૂપ છે.

‘સપ્તપદી’ના પ્રવેશકમાં સ્વયં કવિએ ‘વિશ્વશાંતિ’ અને ‘સપ્તપદી’ વચ્ચે રહેલા અનુષંગનો નિર્દેશ કરેલો છે, એ ન કર્યો હોત તો પણ મુજ્ઞ વાચકના લક્ષ્યમાં આવ્યા વિના રહેત નહીં કે એક ભાવનાપ્રવણ મુગ્ધ કવિચિત્તમાંથી સહજપણે ઉખેળાયેલો વિશ્વશાંતિનો બ્રહ્માંડવ્યાપી પ્રશ્ન અને એકકેન્દ્ર થવા મથતી વ્યક્તિનો ‘સપ્તપદી’માં વ્યાપ્ત નિગૂઢ પ્રશ્ન સહોદર છે એક દૃષ્ટિવંત કવિનો ‘વિશ્વબોધ’ (Weltanschauung) આ પ્રથમ અને અંતિમ જ નહીં’, એ બે વચ્ચેનાં સમગ્ર સર્જનોમાં એક સૂક્ષ્મ સેર રૂપે જોઈ શકાય છે

‘વિશ્વશાંતિ’ અને ‘સપ્તપદી’ વચ્ચે અર્ધશતાબ્દીની અનવરત કવિસાધના છે કવિસાધનાનો આ ઇતિહાસ ગુજરાતી કવિતાના ઇતિહાસ સાથે જોડાયેલો છે આ દીર્ઘ સમય દરમ્યાન પોતાની

કવિતાને ઘડતાં ઘડતાં આ કવિએ ગુજરાતી કવિતાને ઘડવામાં પણ પ્રમુખ ફાળો આપ્યો છે.

૧૯૩૧માં સ્વાભાવિકપણે જ ગુજરાતી કવિતા ગાંધીપ્રેરિત આદર્શોથી અનુપ્રાણિત હતી ગાંધી રાષ્ટ્રીય ચેતનાના મૂર્તરૂપ સમા હતા. તે વખતે તરુણોમાં માર્ક્સવાદ જેવી વિચારસરણી તરફ પણ પક્ષપાત હતો તે પછી તો વિશ્વને હચમચાવતુ બીજું વિશ્વયુદ્ધ આવ્યું, જાપાન પર ફેંકાયેલા અણુ બોમ્બમાં યુદ્ધની બિભીષિકાનાં જગતને દર્શન થયાં. તે પછી તો દેશને સ્વતંત્રતા મળી અને એ સ્વતંત્રતાની નિર્ભ્રાન્તિ પણ એક બાજુએ યંત્રોદ્યોગથી દેશ દેશ વચ્ચેનુ ભૌગોલિક અંતર ઘટતું જઈ જગત એક 'વિશ્વગ્રામ' (global village) બનતુ ચાલ્યુ, તો બીજી બાજુએ વિચારસરણીઓ અને આદર્શોને નામે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે કલહ અને તીવ્ર સ્પર્ધા પ્રતિસ્પર્ધાથી શસ્ત્રાસ્ત્રોના ગંજ ખડકાતા અને વપરાતા ચાલ્યા છે.

ઉમાશંકરની કવિચેતાના પર આ બધી વિશ્વવ્યાપી ઘટનાઓનુ આસ્ફાલન થતુ રહ્યું છે. અને આ બધા વિઘાતક પરિબળો વચ્ચે 'છિન્નભિન્ન' હોવાનો બોધ અને 'એકકેન્દ્ર' થવાની મથામણ સતત ચાલતા રહ્યાં છે પણ પછી એક મોટા ગજાના કવિ માટે બાહ્ય અને આંતરિક એવાં દ્વૈત એક કક્ષાએ જઈને રહેતાં નથી, 'સપ્તપદી'ની રચનાઓ એની પ્રતીતિ કરાવે છે.

આ વર્ષો દરમ્યાન ગુજરાતી કવિઓ સામે કાવ્યાદર્શો બદલાતા ગયા છે, કે કંઈ નહી તોયે 'એમ્ફેસીસ' – ભાર બદલાતા રહ્યા છે. એક માત્ર છંદની વાત કરીએ તોય જણાશે કે કેવી રીતે સંસ્કૃત વૃત્તો પ્રત્યેનો પક્ષપાત ઓછો થતો ગયો અને માત્રિક, તત્પશ્ચાત્ પરંપરિત માત્રિકનુ પ્રચલન વ્યાપક થતું ગયુ અને તે જ ક્રમમાં પછી અછાંદસનો યુગ આવ્યો. દરમ્યાન 'ત્રીજા સૂર'ની અભિવ્યક્તિ માટેના વનવેલીના પ્રયોગો પણ થયા. કવિતામા કવિકર્મની મહત્તા સ્થાપિત થઈ અને પછી ભાષાકર્મ કવિકર્મના પર્યાયરૂપ ગણાવા લાગ્યુ. આધુનિકતાબોધની સાથે શુદ્ધ કવિતાનો આગ્રહ આવ્યો.

એક કવિ તરીકે ઉમાશંકર અભિવ્યક્તિના નવીન પ્રયોગો પ્રત્યે ઉન્મુખ રહ્યા છે, ક્વચિત્ એક પ્રૌઢ કવિની હેસિયતથી તેમને

નાણી જોયા છે. 'સપ્તપદી'ને કવિની પ્રયોગવૃત્તિનો લાભ પણ મળ્યો છે.

ઉમાશંકર એક પ્રાજ્ઞ કવિ છે આધુનિક કવિતામાં પ્રજ્ઞા-(intellect)નો સવિશેષ પુરસ્કાર થતો ગયો છે, કવિની એ પ્રજ્ઞા-ધર્મમ વેદનથી સમન્વિત છે. આપણને ખબર છે કે ઉમાશંકરે ઈશોપનિષદની આગવી વ્યાખ્યા કરી છે, જે એક કવિની અનુભૂતિથી પ્રેરિત છે. ઈશુના 'ગિરિપ્રવચન'ના ગુજરાતી અનુવાદની ભાષામાં, જે આ પ્રકારની વાણીમા હોવી ઘટે તેવી રણક સભળાશે અહી એ પણ નોધવુ રહ્યુ કે દેશવિદેશની વારવારની યાત્રાઓએ કવિની અભિજ્ઞતાને ધાર આપ્યા કરી છે 'પીછો' કે 'પંખીલોક' જેવી રચનાઓનાં ઉત્સ ક્યા છે, તે જણાયા સિવાય નહીં રહે.

'સપ્તપદી' સાત કાવ્યોનું એક કાવ્ય છે, કેમકે એ સાતેય એક કેન્દ્રીય અનુભૂતિથી પરોવાયેલા છે, અલબત્ત દરેકની સ્વયંપર્યાપ્ત રચના તરીકેની એક આગવી સત્તા છે કાવ્યગુચ્છનુ પહેલું કાવ્ય 'છિન્નભિન્ન છુ' ૧૯૫૬મા રચાયુ છે, બીજું કાવ્ય 'શોધ' ૧૯૫૯માં તે પછી 'પીછો' ૧૯૭૮મા અને બાકીના ચાર કાવ્યો ૧૯૮૧મા રચાયા છે સ્પષ્ટ છે કે સમગ્ર કાવ્યગુચ્છની રચનામાં અઢી દાયકા પસાર થયા છે દરમ્યાન કવિની બીજી અનેક રચનાઓ આવી છે, સર્જનેતર લખાણો પણ આવ્યા છે, પણ એ સૌ પ્રવૃત્તિઓ વચ્ચે કવિના આત્માની કોઢ(smithy of soul)મા સપ્તપદીની રચનાઓ ઘડાતી ગઈ છે 'છિન્નભિન્ન છુ' કે 'શોધ'ની પ્રશ્નાકુલતા પછીની ચાર રચાનાઓ 'નવપરિણીત પેલા', 'સ્વપ્નોને મળવુ હોય તો–', 'પીછો' અને 'મૃત્યક્ષણ'ની પ્રક્રિયામાંથી ગુજરી 'પંખીલોક'ની પરમ આસ્તિકતાએ કવિ પહોચે છે, જેની ચરમ પરિણતિ મૌનમાં છે. કવિજીવનની ફલશ્રુતિ રૂપ છે આ પંક્તિઓ·

મારુ કામ? મારુ નામ?
સમાણુ હાલ, આનદ-રૂપ દ,–એ કામ મારુ
માનવતાની સ્ફૂર્તિલી રફતારમાં ભળી ગયુ છે
મારા શબ્દ-આકારો જે કઈ રસચીચિયેઓ તે હવે અન્ય હૃદયમય
નામ મારુ ભાષામાં ઓગળી ગયુ છે
વેઈટ-એ-બિટ!
છેલ્લો શબ્દ મૌનને જ કહેવાનો હોય છે

ભોળાભાઈ પટેલ

# રાવજીની કવિતા

## રઘુવીર ચૌધરી

### ૧. પ્રાસ્તાવિક

રાવજીની કવિતા એના મુખે સાંભળતાં લાગતી હતી એટલી જ તાજી લાગે છે, દોઢેક દાયકા પછી પણ.

એમ લાગે છે કે હજી એ ઉત્તરોત્તર વધુ ને વધુ સ્વીકાર પામશે. કશુંક વિરલ છે એની કવિતામાં, મૂગા વિવેચકોને પણ બોલતા વિવશ કરે એવું.

સાહિત્યના ઇતિહાસમાં આ એક એવી ઘટના છે જેની સરખામણી શોધવા છેક કલાપીના કાળ સુધી જવું પડે. કલાપી છવ્વીસ વર્ષ ને પાંચ માસ જીવ્યા, રાવજી અઠ્ઠાવીસ વર્ષ ને નવ માસ. કલાપીનો મુખ્ય અનુભવ પ્રેમનો છે, પ્રેમના સ્વીકારમાં રહેલા જોખમનો છે. રાવજીનો મુખ્ય અનુભવ વિખૂટા પડવાનો છે, ખેતર અને સ્વજનોથી વિખૂટા પડવાની વેદનાનો છે. એક રાજા અને બીજો રંક, પણ કવિતાના દરબારમાં બંનેનાં આસન અડોઅડ.

રાવજીના કવિમિત્રો બહુ રાજી છે, યાદ કર્યા કરે છે અને કહે છે: અમે તો એની સરખી મારવાર પણ કરી ન શક્યા અને એ? કેટલું બધું આપી ગયો, અજાણતાં જ. કેવો મોંઘો દાતા નીવડ્યો એ શબ્દનો બંદો!

'મેજર પોએટ' — અગ્રણી કવિનું એક લક્ષણ એ ગણાય છે કે સમકાલીનો અને ખાસ તો અનુગામી પેઢી પર એનો પ્રભાવ પડે. રાવજીએ લખી એ પ્રકારની કવિતા પૂર્વે લખાઈ છે અને આજેય લખાય છે. પણ પ્રકાર પોતે પરિણામ નથી. રાવજીથી પ્રભાવિત થઈને એવું પરિણામ લાવી શકાય તેમ નથી. શબ્દનું અનુકરણ તો સહેલું છે, પણ એણે જે વેઠ્યું તે માટે તો વરદાન જોઈએ. ઝેર પીને કોઈક મીરાંબાઈ જ ગાઈ શકે. છેડા વિનાની યાતના વેઠીને તો કોઈક રાવજી જ સૌંદર્યોની અનુભૂતિ આપી શકે. ખુલ્લાં ખેતરોની કેડીઓ પર અને અમદાવાદની મિલોની ધૂણી નીચે જે સુખ મળ્યું તે તો સમ ખાવા પૂરતું જ. પછી તો દુઃખદર્દોએ એને એવો ઝાલ્યો કે ઘણુંબધું જતું કરીને જીવનને કણ કણ ચણવાનું રહ્યું હતું. અને એક પછી એક ચઢિયાતી મજલે આગળ વધવાનું રહ્યું. રાવજીની આ દર્દયાત્રાને શબ્દયાત્રાનો મથવારો મળ્યો. રાવજી અધવચ્ચે કરમાઈ ગયો. એનો શબ્દ સમયની સિલકમાં રહ્યો.

આ ભૂમિકા રાવજીની કવિતાને પામવામાં — એના વિષયવસ્તુને સમજવામાં અમુક અંશે ઉપકારક નીવડશે. પશ્ચિમના એક મોટા લેખકે 'મારાં વિશ્વવિદ્યાલયો' નામે પોતાના પ્રવાસોની વાત કરી છે. સડકના ફેરસામાં વલ્લવપુરાની હવાનું ભાથું લઈને રાવજીએ મુંબઈ, આણંદ, અમદાવાદ, સોનગઢના રુગ્ણાલયોમાં જે નાનામોટા વિસામા કર્યા છે એના સંદર્ભો 'આ જન્મની

કવિતામાં અર્થબોધનું એક સાધન બની શકે એમ' છે ગવજીનાં વિશ્વવિદ્યાલયો છે એ કુમળાશયો, વતન અને સ્વજનોની સ્મૃતિ અને થોડેક અંશે મિત્રોની ૬૬ - 'તું જીવવાનો જ છે' – એવું બનાવટી આશ્વાસન રાવજી સમજી ગયો, બાકી રહી જાત એ બધું શબ્દમાં જીવી લીધું

## ૨ રાવજી આધુનિક કે ગોપકવિ ?

કેટલાક અભ્યાસીઓ રાવજીને 'આધુનિક' કવિ માનવા તૈયાર નથી. એમની પાસે મુખ્ય દલીલ એ છે કે આધુનિક સંવેદના નગરવાસી છે, જ્યારે રાવજીનો મુખ્ય અનુભવ ગોપ-કૃષક સૃષ્ટિને લગતો છે

એ સાચું છે કે રાવજીના ઘણા કાવ્યો ગામ-સીમના વાતાવરણમાં જ ઊઘડે છે અને ખીલે છે, પરંતુ કેટલાક કાવ્યોમાં ગોપ-કૃષક સૃષ્ટિ કવિના સંવેદનમાં ઉદ્દીપન વિભાવ તરીકે આવે છે, જે મુખ્યત્વે નગરમાં સ્થિર ન થઈ શકેલા સંવેદનશીલ યુવકનો ઝુરાપો વ્યક્ત કરે છે ક્યારેક એને લાગે છે કે અહીં ફરીઠામ થઈ શકાય એમ છે જ નહી એ પરાયાપણું છે, એને એકલતા સાલવા લાગે છે એ ક્યારેક અસંમતિની ભાષામાં, ક્યારેક વિદ્રોહની ભાષામાં તો ક્યારેક અસંગત પ્રલાપ અને અર્થનકાર દ્વારા વાત કરે છે. આ અંશ અલબત્ત, આધુનિક છે

આમ, રાવજી માત્ર કૃષિ-કવિ અને ગોપસંસ્કૃતિનો ઉદ્ગાતા હોત તો આધુનિક ન ગણાત પણ નગરજીવનનું ઉધારું પાસું પણ એની કવિતામાં પ્રબળ બનીને આવ્યું છે તેથી તમે એને 'દગ્ધ કૃષિ કવિ' કહી શકો આ શબ્દપ્રયોગમાં પણ આધુનિકતાની લઢણ છે

પરંતુ આધુનિકતા એ કોઈ મૂલ્ય નથી, એ એક વલણ છે આરંભે વૈજ્ઞાનિક દૃષ્ટિ પર મુકાયેલા ભારને કારણે આધુનિકતાએ એક મૂલ્ય હોવાની છાપ ઊભી કરી હતી પણ અસ્તિત્વવાદ અને ઍબ્સર્ડ દ્વારા થયેલા 'ગાણિતિક દૃષ્ટિ'ના વિરોધ પછી 'વૈજ્ઞાનિક દૃષ્ટિ'ની પણ અધૂરપો પ્રગટવા માંડી. જેમ અનિશ્ચિતતા અને સંકુલતાની સમજથી સર્જક જૂના ઉપદેશો પ્રત્યે ઉદાસીન બન્યો તેમ આ નવી આત્યંતિકતા પ્રત્યે પણ તટસ્થ બન્યો

એ ખરું કે આધુનિકતા એ મોહભંગ પછીનો તબક્કો છે એમાં મુગ્ધતાને સ્થાન નથી પણ રાવજીની મુગ્ધતા વિશે વિશ્લેષક દૃષ્ટિથી વિચાર થયો છે ખરો ?

'વન્માળી રાતે' કાવ્યમાં ગામના ઘરના છાપરા નીચે નિદ્રા અને અનિદ્રાની હાળો વચ્ચે મનુષ્ય અને પ્રકૃતિ સાથેનો સંબંધ કાવ્યનાયક વાના-વગરો અનુભવે છે 'નળિયાની નીચે મારી ઊંઘ પણ પીછા જેવી આઘી પાછી થયા કરે' — એ ક્રિયાકલ્પનાના અણુ આવર્તન વચ્ચે એક નિરીક્ષણ મૂકાયું છે

આખો દહાડો ઢસાઈ કુટાઈ—
મા
પજેટીની જેમ લૂસ ખાટલામાં પડી રહી.

(પૃ. ૩૨)

'પજેટી'ને મહેસાણા બાજુ મોટે ભાગે દતાળી અને ક્યારેક ખપાળી કહે છે. એને પાંચ દાંતા હોય. ખેતકામનું સાધન છે. આ સાધન કોદાળી કે કુહાડા જેમ ભારે અને બંધાયેલું નહીં લાગે. 'પજેટી' વજનમાં હલકી, અને એ ઊંધી પડી હોય, એના પાયા ઊંચા, ખાલી, ચત્તા દેખાતા હોય ત્યારે જે દૃશ્યાત્મક અસર જાગે એનો કવિએ અહીં વિનિયોગ કર્યો છે. દિવસના શ્રમથી અતિશય થાકેલ વ્યક્તિ ઊંઘમાં સાનભાન વિના ચત્તી પડેલી ખપાળીની જેમ દેખાય એ સાદૃશ્ય ભાવકની આંખનો કબજો નહીં છોડે. અહીં અંગ્રેજી શબ્દ 'લૂઝ'નું ગામડામાં પ્રચલિત થયેલું રૂપ 'લૂસ' પણ કેવું ખપ લાગે છે! માત્રાઓ સરખી હોવા છતાં 'લૂસ'ને બદલે 'લૂઝ' શબ્દ ગોઠવીને બોલી જુઓ, નહીં ફાવે.

મુગ્ધ કવિ આ ન લખી શકે, આલેખનની આ હિંમત – આ અભિવ્યક્તિ આધુનિકની છે.

'હેવમોરમાં' રાવજીની આરંભિક તબક્કાની રચના છે. એમાં એક ક્ષણ આમ ઝિલાઈ છે:

એક્ઝોસ્ટ ફેને
ચૂસી
લીધી
પ્યાલા પરના રક્ત હરણની ફાળ!

(પૃ. ૨૨)

અહીં સમગ્ર પરિવેશ અને કવિને કલ્પનાનું કામ આપી ગતિ જગવતી ભ્રાન્તિ ક્રિયાની નકારાત્મકતાને કારણે વધુ ધ્યાન ખેંચે છે.

'૧૯૬૪-૬૫માં' સામાજિક-રાષ્ટ્રીય નિર્ભ્રાન્તિનો અનુભવ છે. 'છાપાના પાના પર અધમૂઆં નગર અક્ષરે થઈ વેરાયાં ઝાંખાપાંખાં'માં યુદ્ધનો સંદર્ભ છે એ આ ઉપખંડના ઇતિહાસની વાત છે, પણ ત્યાંથી કવિ જે રીતે પોતાની અસહાયતા અને અપ્રસ્તુતતા સુધી પહોંચે છે એમાં એની વિદગ્ધતાનો અણસાર મળ્યા વિના રહેતો નથી:

બળ્યો જળ્યો લય ભીંતો કોચે,
આખો દેશ અડાયા પર બેઠો છે!
ત્યારે બૉમ્બ પડેલા ગામ સરીખી
સપાટ નિર્જન છબી (કવિની).

(પૃ. ૨૫)

પ્રથમ પંક્તિમાં ક્રિયા છે અપેક્ષા વિનાની, બીજી પંક્તિમાં માત્ર સ્થિતિનો નિર્દેશ છે પણ એ સ્થિતિ વિસ્ફોટક છે. રાવજી ક્યારેય 'ભારેલો અગ્નિ' શબ્દપ્રયોગ નહીં કરે. અહીં અડાયું એટલે એવું છાણું કે જે ઈંધણના કામમાં જ લેવાય, તેથી અડાયું સળગી રહ્યું હોય એવો આભાસ થાય છે. અને જ્યાંથી આત્માની કલા પ્રગટે એ કવિની જીભ કેવી છે? નિર્જન અને સપાટ બોખ પડેલા ગામ જેવી

'હાગા ઠેયા' નામની કવિતામાં 'તમારે તો સાણસીનો કરવો છે અર્થ' અને 'તમારે તો ગણિતના મનોયત્ન ગણવા છે' જેવા ઉપાલંભો આપીને કે 'હું જીવતો છું' નામની રચનામાં આવર્તનલક્ષી શૈલીએ સભ્યતાની મજાક કરીને એને માટે અસ્વાભાવિક એવો અવિવેક પણ કર્યો છે એ પછી જે આવર્તન પામતી પંક્તિ આવે છે: 'પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!' દ્વારા કેવો વળાંક સાધ્યો છે! ફરિયાદ કે વિદ્રોહમાં પણ રમૂજી લહેકા દ્વારા રાવજી એક ઝીણો તાર છેડી દે છે એ એની કવિતામાં અરૂઢ પરિમાણ સર્જે છે.

'એન. સી. સી. પરેડ' એ કંઈ રાષ્ટ્રીય સેવા માટે તાલીમ લઈ રહેલા યુવકોની મશ્કરી કરવા લખાયેલી રચના નથી દેશ આખામાં જે 'પપેટ શો' ચાલી રહ્યો છે તેના તરફ સંકેત છે અહીં લવરી અને આક્રોશનું અજબ મિશ્રણ છે સામાજિક વાસ્તવ સાથેની રાવજીની આ નિસ્બત જોઈ એના રમતિયાળ દેખાવની અંતર્ગત વહેતી સમજણનો ખ્યાલ આવશે, કાવ્ય સપાટી પર ઠીક ઠીક ફરી લે છે અને અંત ભાગમાં બરાબર ઊંચકાય છે:

કવિતાને કાયદાથી વાળો• ક્રીઝ પ્હેલા કાળો
તોપ જેવી ફૂટી જશે કવિતા
છૂટી જાય બાપલાઓ
ઈતિહાસ એઠો થતો બંધ કરો બાપલાઓ

બહુ ચાલ્યો પપેટ શો!

(પૃ. ૯૦)

ગુજરાતી વિવેચનમાં સામાજિક વાસ્તવના આગ્રહને આધુનિકતાવિરોધી વલણ માનનારા ઘણા છે હિન્દી આદિમાં તો આધુનિક એવા માર્ક્સવાદીઓ પણ છે રાવજીની કવિતામાં રહેલા આ બીજા પાસાનો ગુજરાતી સમીક્ષાએ મહિમા કર્યો જ નથી

## ૩ પરંપરાનું જમા પાસું

'અંગત'ના કાવ્યો આરંભથી વાંચવાના શરૂ કરો અને તમને શ્રીધરાણી, પ્રહ્લાદ, રાજેન્દ્ર બાલમુકુન્દ, નિરંજન, પ્રિયકાન્તના હાથે નીવડેલી 'શુદ્ધ કવિતા'ના દૃષ્ટાંતો મળવા શરૂ થશે 'એક બપોરે', 'વરાંસેનો સૈનિક',

'ઢોલિયો', 'જિજીવિષા', 'વૃદ્ધની સ્વગતોક્તિ', 'ભાઈ', 'દિનાન્તે', 'ગ્રીષ્મનું મન', 'છેવટે' જેવી લઘુ રચનાઓ ભાષા, છંદ, અલંકરણ, સંવેદન, આદિ અને અંત વચ્ચેની સુગમ સંરચના જોતાં લાગે કે ૧૯૫૬ પૂર્વેની ગુજરાતી કવિતાના જમા પાસે નોંધવા જેવી આ જણસ છે. આ લઘુ કાવ્યોમાં પરંપરા પુષ્ટ થાય છે. એનો અર્થ એવો નથી કે પરંપરાનું બેઠું અનુકરણ છે. રચનારીતિની દૃષ્ટિએ 'ભાઈ' બાલમુકુન્દના 'જતું-ઘર ખાલી કરતાં' પ્રકારની કૃતિ છે, પરંતુ આસ્વાદ કરીને આગળ વધનાર એ અંગે ભાગ્યે જ સભાન થશે. 'ઊડી ગઈ મેનામી' ( એક બપોરે )નો સ્વાભાવિક પાઠ કરતાં 'વાચિકમ્'ની એક બેઠકમાં નવકવિઓ અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને એમાં રહેલા મનહર છંદનો ખ્યાલ નહોતો આવ્યો. પરંપરિત બનેલા છંદ પોતાના દેખાવથી ચાડી ન ખાય એવું મનહર ( મિત્રાનેથી, આનંદ, ગતિભંગ આદિ ), કટાવ ( ઢોલિયે, જિજીવિષા આદિ ) અને હરિગીત ( બીક, નચાર આદિ ) ઉપજાતિ ( ધવાયેલો સૈનિક, છેવટે, આદિ ), વસંતતિલકા ( વૃદ્ધની સ્વગતોક્તિ, ગ્રીષ્મનું મન, આ એ જ ), શિખરિણી ( ભાઈ, એક બપોરે ), અનુષ્ટુપ ( ઘરમાં બેઠાં બેઠાં, ગ્રીષ્મ ) જેવા માત્રામેળ અને અક્ષરમેળ છંદોનો વિનિયોગ કરવાની સાથે ક્યાંક અક્ષરમેળ છંદોના સંકર ( 'ખેડવેરા'માં પ્રત્યેક પંક્તિમાં 'પૃથ્વી'ના પહેલા બે ચરણ અને મંદાક્રાન્તાના ત્રીજા ચરણનો યોગ ) કરવાનું પણ રાવજીને ગમ્યું છે.

છંદો સાથેનો આવો નજીકનો સંબંધ કેળવ્યા પછી રાવજી અછાંદસ રચનાઓ કરે છે. છંદ-અછંદના સમવાય તો એમાં ક્યાં જ છે પણ માગી દૃષ્ટિએ કટાવ ('ડચગોર ભરેલું વૃક્ષ કાનમાં ઝૂલે!'થી શરૂ થતું કાવ્ય 'આજ અચાનક'), મનહર (વરસાદી રાતે, ઈંગા ઠપા) અને હરિગીત ('સ્વ. તુલસીલાલની યાદ'માંના અંશો) જેવા માત્રામેળ છંદોને નમનીય અને પારદર્શી ગદ્યની નજીક લાવવાની એની ક્ષમતા નોંધપાત્ર છે. આવર્તનોનાં ચોસલાં પડતાં નથી અને તાલ માટેની ખાલી જગાઓ લીસ્સી બની જાય છે. છંદ અને લયની આ સિદ્ધિમાં રાવજીનાં ભાષાજ્ઞાન અને ભાષાકર્મનો પણ ઘણો મોટો ફાળો છે એ અભ્યાસીઓ સમજી શકશે.

બાહ્ય સૃષ્ટિનું એનું પોતાનું સૌન્દર્ય અને એમાં રહેલા અસુંદર અંશોને કવિની દૃષ્ટિએ વરેલું સૌન્દર્ય રાવજીની પરંપરાગત કવિતામાં સમન્વિત સ્વરૂપે જોઈ શકાય એમ છે

મારી કમ્મર સૂધી છાપરીએ બેસું;
રાતા કેસૂડાના ફેન્ટની વચ્ચે.
ઠિંગુ પવન સરીખા રેલા
સીમ ઘાલીને ફરે;

(પૃ. ૩)

પ્રથમ પંક્તિ એક સ્વતંત્ર વાક્ય છે. એ વાક્યની આંતરિક સંરચના-(ડીપ સ્ટ્રક્ચર)માં પડેલાં બે વાક્યો આ મુજબ છે

૧ મારી છાપરી ડબડમ ચૂએ છે

(આ છાપરી ડબડમ ચૂએ છે, આ એ મારી છે એ મુજબ પણ વિશ્લેષણ થઈ શકે)

૨. હું જઈને છાપરીએ બેઠું છું.

અહીં પહેલું વાક્ય છાપરીના જે લક્ષણ જણાવે છે, એમાં કશું આકર્ષણ થાય એવું નથી પણ કાવ્યનાયક એ ડબડબ ચૂતી છાપરીને ચાહીને પસંદ કરે છે. કેમ કે મમતા છે ચાહીને એના પર બેસતાં એ મમતાનું તત્ત્વ સૌન્દર્યનું વાચક બને છે

આ જીર્ણ અને ચૂતી છાપરી(પ્રતીકાર્થે કાયા)નો માલિક ફણગાતાં ખેતર જોઈને રાજી થાય તો એય ઘણું હતું પણ આ તો પોતે જ વચ્ચે જઈને ડોલવાનું પસંદ કરે છે. સંવેદનની આ સજીવતા પછી સીમ છોડીને છૂટતા રેલનાનું દક્ષિણ પવન સાથેનું માદરય અને બેઉના સંયોગે રચાતું ગતિશીલ કલ્પન ભાવકનું મન હરી લે છે

પૂર્વે સિદ્ધ થયેલી કવિતાના અવતરણો સાથે રાવજીની અનેક પંક્તિઓને પણ ટાંકી શકાય :

> હમણાં ફૂટી આવશે પ્હોર—
> રાતના ઘોડા ગોરી,
> સાગ ઢોલિયે પાંખ ફૂટશે,
> કમાડ પર ચોરેલી ચકલી
> સમણું થઈ ઘરમાં ફડફડશે
> જુઓ પણે પરસાળ સૂંઘતો ચાંદો (પૃ. ૨)
> આ સીમમાં સકલ બાબરતી ગમાણો
> ચાલી ગઈ. (પૃ. ૭)
> એક ડોરથી સહેજ સ્વપ્નથી ચાખું
> આખું સાકરની કટકીશું ખેતર
> જીભ ઉપર સળવળ્યું. (પૃ. ૮)

આ અભિપ્રેત અવતરણોમાં ગોપ કૃષિ સૃષ્ટિનો પરિવેશ છે અગાઉ આ વિષયની કવિતા વારંવાર સજીવારોપણ બનીને—કવિની ઇચ્છાનો પ્રક્ષેપ બનીને રહી જતી હતી અહીં નાદમધુર સૃષ્ટિમાં જે તે વસ્તુ સ્વયં પાંખ ફફડાવતી લાગે છે પ્રથમ અવતરણમાં પરસાળ સૂંઘતા ચાંદાનો રતિભાવ જરા પણ ઓછો બનતો નથી રાવજીની પરંપરાગત કવિતામાં લાઘવ અને ગોપન બંને ગુણ છે.

બીજી કંડિકામાં 'ગમાણુ' શબ્દનો અર્થ કદાચ નાગરિક ભાવક સુધી પહોંચેનો ન હોય. ગામમાં ગાય-ભેંશ-બળદને એક હરોળમાં બાંધે ત્યાં મુખ આગળનો બેત્રણ ફૂટનો સહેજ સરખો કરેલો ભાગ ગમાણ કહેવાય ત્યાં ઘાસ, ખાણ વગેરે નીરવામાં આવે અહીં કવિ લક્ષણાનો ઉપયોગ કરીને ગાય ભેંશના વિકલ્પે 'ગમાણુ' સંજ્ઞા વાપરે છે અને આગણાંની એ નાની સરખી જગાને આખી સીમમાં વિસ્તારી આપે છે.

ત્રીજા અવતરણમાં જે કલ્પન છે તે વ્યત્યય પામીને સ્વાદેન્દ્રિયનો વિષય બને છે આ પ્રકારનાં કલ્પનો દુર્લભ હોય છે. 'ખમરની ખારેકડી' (વેણીભાઈ) જેવા પ્રયોગો જવલ્લે જ જોવા મળે છે ખેતરમાં ઊછરેલા દરેક બાળકે માટી તો ચાખી જ હોય, જુદા સ્વાદે અહીં વય જતા અને સ્વપ્ન થતા એ માટીનો – ખેતરનો સ્વાદ સાકરની કટકીની ગરજ સારે છે કલ્પન સહેજ પણ દુરાકૃષ્ટ લાગતું નથી.

> કે બારણે આવી હો મોગરાની ગાયો
> આ અંધકાર મહુડાની જેમ મસ ફાલ્યો ! (પૃ. ૧૭)

પ્રહ્‌લાદ પારેખને શાલની મંજરી અંધકારના અભેદે યાદ આવે છે. રાવજીને મહુડાનો નશીલો આવેગ યાદ આવે છે અહીં 'મસ' શબ્દનો ઉપયોગ પણ માત્ર રાવજીની જ ખાસિયત લાગશે.

> પછીથી પુત્રીની શિરીષ ફૂલ શી કેડ ફરતો
> લઈ બાંધ્યો દોરો, હૃદય મુજ ગાઠ્યું, ધડીકમાં

શિશુ અને પત્નીની હાજરીમાં આવી ચડેલી પ્રેયસીના હાથે થયેલી ક્રિયાનું ઉપરની બે પંક્તિઓમાં અંકન છે. તદ્દન નવી ભાવપરિસ્થિતિ પરિચિત સંજ્ઞાઓમાં રચાય છે એવું કશુંય નથી જે પરંપરા માટે આગંતુક લાગે છતાં કાવ્ય ત્રિવિધ ભાવની સંકુલનાનું નિરૂપણ કરી, સતત ધબકતું રહી, સૌન્દર્યની અનુભૂતિ જગવી જાય છે

> પ્રાણનો તરવ મૃગ સુગંધની પથારીમાં પડ્યો રહે ! (પૃ. ૨૮)
> તળાવનું પોયણું જલ સ્વપ્નવધૂનાં પેટ સરીખું હાલે ! (પૃ ૨૮)
> વૃક્ષની ડાળ પે ભોળાં પાસપાસે વિહંગ કે
> અન્યને પર્ણ માનીને બેઠા છે કયા રના પણે (પૃ ૨૯)
> તડકો ઠરીને એવો બેઠો છે આખમાં હો અલકાતો મલકાતો ભેજ
> (પૃ ૩૯)

ઉપર્યુક્ત ચાર વાક્યોમાંથી પ્રથમ ત્રણને સંસ્કૃત અલંકારો રૂપક, ઉપમા, સંદેહની પરિભાષા દ્વારા એ ઓળખાવી શકાય 'સ્વપ્નવધૂનું પેટ', 'પોપટનું પેટ' એ રાવજીને વારંવાર વહાલા થતા અધ્યાસો છે પણ પરંપરાગત કવિતામાં આ સાદૃશ્ય-વિધાન સુલભ છે ચોથું વાક્ય 'અલકાતો મલકાતો ભેજ' એ શબ્દપ્રયોગને કારણે રૂઢ સાદૃશ્યની નિશ્ચિતતાથી ઊંચે જાય છે.

રાવજીનું કવિકર્મ પરંપરાના પાયાને કેવી રીતે સમૃદ્ધ કરે છે એના અનેક દૃષ્ટાંતોમાંના થોડાક આપણે જોયા.

ગઝલની તો એણે શરૂઆત પણ કરવાની હતી. એની હયાતીમાં સંગ્રહ થયો હોત તો કદાચ ચારમાંથી એક જ પસંદગી પામત. એ પહેલી ગઝલનો મક્તા છે:

આવનારા કોઈ નવતર માર્ગ કર
આવનારા જે હતા આવી ગયા (પૃ. ૪૦)

ગીતોમાંથી 'અમને વડ વગરને છાયે છાયો ગમી ગયો', 'મિસ જૂલિયટનું પ્રણયગીત', 'તમે રે તિલક રાજા રામના' અને 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...' એ ચાર ખ્યાતિ પામ્યાં છે. બીજું હળવું છે પણ કલ્પનાવલીની દૃષ્ટિએ તાઝગીભર્યું છે. બીજાં ત્રણ ગવાય છે. 'કંકુના સૂરજ'ની પાંચેક સ્વરરચનાઓ થઈ છે. તાજેતરમાં ઉમાશંકરે 'રાવજીનું હંસગીત' નામે એને વિશે આસ્વાદમૂલક સમીક્ષા (જુઓ, 'શબ્દની શક્તિ' પૃ. ૭૭) આપી છે. આ ચાર રચનાઓનું ભાવવિશ્વ, કવિકર્મ અને લય વૈવિધ્ય જોતાં રાવજી ગીતકાર તરીકે કેવી મોટી શક્યતા ધરાવતો હતો એનો ખ્યાલ આવે છે.

### ૪ પરંપરા સાથે વિચ્છેદ નહિ, ફરિયાદ

રાવજીએ સાહિત્યિક પરંપરાને કે પોતાના વર્તમાન સમાજને સમૂળગો નકાર્યો નથી. આધુનિક થઈ જવાની ઉતાવળમાં કેટલાક કવિઓ પરંપરા સાથેના વિચ્છેદ માટે કૃતસંકલ્પ બને છે એવું રાવજીના દાખલામાં બન્યું નથી. શૈશવની મસ્તીનો એક અર્થ એને માટે છેક સુધી ટક્યો છે. સ્વપ્ન પણ એના માટે પૂરતું આશ્વાસન હતું. તેથી જીવનના છેલ્લા વર્ષમાં પણ એ નૈતિવાચક થયો નથી. પરંતુ નગરજીવન 'ક્યાંથી જ એ પ્રશ્નો કરતો આવ્યો છે, વ્યાજસ્તુતિ દ્વારા થતી મજાક એને સવિશેષ ફાવી છે. 'રવિ હુંગીતાની યાદમાં' એ એક પ્રગલ્ભ વિદૂષકની ભૂમિકા અસરકારક રીતે ભજવે છે. આ પણ આપણી ભાષાનું એક વિરલ કાવ્ય છે. મશ્કરીયા દ્વારા ઠઠ્ઠામશ્કરી કરવાનું તો એટલું મુશ્કેલ ન હોય પણ એ સભ્યતાના આડંબર અને સ્વાર્થી અભિજાત્યને જે કુશળતાથી અડપલું કરી લે છે એમાં છોકરમત કરતા જવાબદાર માણસની ચાતુરી વિશેષ છે. શ્રી નારાયણ ઠાકરે 'ઠાગા ઠૈયા' વિશે પોતાનો પ્રતિભાવ આપતા પરંપરિત ભાષા સાથે કન્ફ્રન્ટેશન – મુકાબલાની વાત કરી છે (જુઓ પૃ. ૧૩૯, 'પ્રતિભા અને પ્રતિભાવ') અલબત્ત, આ રચનામાં પ્રતિકાર છે, પ્રત્યાઘાતવૃત્તિ છે પણ પરંપરાનો નખશિખ નકાર નથી.

કવિતાને મોગરાની ખપે બસ વાસ (પૃ. ૩૨)
નજીક બેસાડી તારા ઘરને હું કવિતાની જેમ
કશો અર્થ દઉં. (પૃ. ૩૨)

કેવળ વેરાઈ જાણુ પ્રણયની જેમ (પૃ. ૩૩)
હુ તો માત્ર
ભૂખથી રિબાતુ મારુ વલ્લવપુરા ગામ (પૃ ૩૩)

૪૩ પક્તિના કાવ્યમા ચાર પક્તિઓ જુદી જુદી રીતે વિધેયાત્મક અર્થ સૂચવે છે, અને એના ટેકે જ અ તે અર્થની નિશ્ચિતતાને કવિ પડકારી શકે એવી ભૂમિકા રચાય છે મારી છાપ એવી છે કે પરપરાના સપૂર્ણ વિચ્છેદને બદલે રાવજી પરપરાના નજીકના સગા તરીકે જ એની સામો થાય છે વળી ‘ભલે મને મળે નહી અહનુ બટેરુ ભરી છાશ’– એ પક્તિમા કવિ જે જતુ કરવાનુ કહે છે એમા માયા દાખવે છે ‘તાહી અહીરકી છોહરિયા છછિયા ભરી છાછપૈ નાચ નચાવૈ’– રસખાનની આ પક્તિનો અછડતો સ્પર્શ પણ ‘અહનુ બટેરુ ભરી છાશ’ને થયો છે દેખીતી રીતે એમ લાગે કે આ ‘બટેરુ છાશ’ના વિકલ્પે કવિએ ‘મોગરાની વાસ’ પસદ કરી છે પણ કાવ્યભાષાના આતર પ્રવાહમા દાખલ થતા ‘વાસ’ના પૂર્વક્રમે પેલી છાશ અનિવાર્ય લાગશે વળી એ ખરુ કે રાવજીના કોઈક લઘુ કાવ્યમા ‘બટેરુ ભરી છાશ’ અમૃતથીય મીઠી હોત અહી એને નકારાત્મક અર્થમા ઘટાવવી પડે છે રાવજીના ભાવક તરીકે આમ કરતા કષ્ટ થાય છે

રાવજીનો પરપરા અને જગત સાથેનો ઝઘડો એક પ્રેમીનો છે, તર્કશાસ્ત્રીનો નથી છદ આદિ અભિવ્યક્તિના ઉપકરણોમા પણ પરપરાના તત્ત્વોનો વિનિયોગ છે તેથી મુકાબલા કે વિચ્છેદ કરતા રાવજી આ પ્રકારની રચનાઓમા ફરિયાદ કરે છે કવિકર્મ દ્વારા અભિવ્યક્તિના ઉપકરણોનુ નવવિધાન કરે છે અને લૌકિક અધ્યાસોને કાવ્યસવેદનમા ઢાળી અર્થાન્તર સિદ્ધ કરે છે માર્ક્સવાદી, અસ્તિત્વવાદી અને ઍબ્સર્ડના પુરસ્કર્તા – ત્રણેયને આ કાવ્યના ચર્ચાથી બૌદ્ધિક સતોષ મળશે કાવ્યના પૂર્વાર્ધની સઘનતા અને તાજગી સતત જળવાઈ હોત તો ‘મારી આખે કકુના સૂરજ’ની જેમ આ પણ રાવજીની અનન્ય રચના ગણાત

## ૫ લોકપ્રિયતાનુ રહસ્ય

નવકવિઓ અને ભાવકોમા રાવજીની કવિતા માટે જે ગાઢ અનુરાગ જોવા મળે છે એના મૂળમા એના અનન્ય ભાષાકર્મની સાથે એના બે કાવ્યવિષયો પણ નિર્દેશ કરવો જોઈએ

૧ માત્ર પ્રકૃતિપ્રેમ નહિ પણ પ્રકૃતિના વ્યાપક સત્તાના અશ હોવાની અનુભૂતિ

૨ માનવપ્રેમ - સ્વજનો પ્રત્યેની લાગણી, પ્રેયસીને ન પામ્યાની અતૃપ્તિ અને એને સદેહે પામવા માટેની તીવ્ર કામના

એની નીવડેલી રચનાઓમાં આ બે વિષય એક થયા છે 'જાણે કે પ્રકૃતિ' આ કવિની દૂતી છે ખેતરને શેઢેથી સારસી ઊડી જતાં ખેડુનો બધો સંસાર રૂપ થઈ જાય છે આ વિરતિ છે કે સારસીને પાછી પામવાની હઠ? 'અસંખ્ય રાત્રિઓને અંતે'માં મિલનની આતુરતાથી બેચેન કાવ્યનાયક પ્રત્યક્ષ સૃષ્ટિના ઉલ્લેખો ચૂકતો નથી

વીંછણના અંકોડા જેવા બિરિકગોથી
હરચક ભરચક શહેર ઢબાયાં. '(પૃ ૯)

એક ઊંચા અંતરથી જોયેલા દૃશ્યોના લઘુ રૂપ અંકિત કર્યા પછી કાવ્યનાયકની કામનાની તીવ્રતા અને પરિમાણ જુઓ

ક્યાં છે સ્પર્શ – કૃષ્ણાજો,
હજી સ્તનોના ચરુ સાચવી બેઠેલ
કેવડિયો ક્યાં છે?
લાખ-કરોડો વર્ષોથી
ચહેરો પથ્થરના ઘૂઘટની પાછળ છૂપવી બેઠા
માનવતી, ઓ ક્યાં છો?
ક્યાં છો?
નવા ચંદ્રની કૂંપળ જેવી નજર કરો (પૃ ૯)

'આજ અચાનક' કાવ્યને પણ 'રોમેન્ટિક' કહીને ઓછું આંકવા જેવું નથી અહીં મિલનની ઉત્કંઠા કંઈક નિકટતાના આભાસ સાથે રજૂ થઈ છે આ કાવ્ય આખું ને આખું ગમે છે છતાં અહીં ટાંક્યા વિના ન જ ચાલે એવી છે ઉત્તરાર્ધની આ પંક્તિએ

મત્ત હવાની ઘૂમરી જેવી
પહેલાં ઘરમાં જતી-આવતી
એક દિવસ ના મળ્યો?
તને મેં ઔષધ પીતાં પીધી!
આજ અચાનક આગળ ઢૂંકું ટહુકે
લયની ટેકરીઓ લીલીછમ વ્હેતી,
કઈ બારીએ હેરું?
મન પડતું મેલું – કઈ બારીએ? (પૃ ૧૫)

કહે છે કે હિમાલય પર પ્રકૃતિના અતિ રમણીય દૃશ્ય વચ્ચે વહેતી ગંગાનો પ્રવાહ જોઈને એમાં ખેંચાવાનું – કૂદી પડવાનું મન થાય છે કોઈક પાછી કૂદી પડે છે રાવજીનો કાવ્યનાયક અહીં પ્રેમાતુર બની પડતું મેલવાની વાત કરે છે એમાં શબ્દે જગવેલી પ્રતીતિ પણ કામ કરી જાય છે

## ૬. સેન્દ્રિય જગતની ચેતના અને માનવતાવાદ

રાવજીની કવિતામાં છંદોલયની, ક્યારેક નિરંકુશ રીતે બોલકા થઈ જવાની, અતૃપ્ત કામનાને વ્યક્ત કરતા રહેતા કલ્પનોની એકવિધતા છે

( જુઓ : 'કામાતુર પત્નીની નિર્જન યોનિને અવહેલતો' : પૃ ૧૮ : 'કોક-શાસ્ત્રની ગંદી આવૃત્તિ જેવી બાયડી મને રોજ ઠૂંસા મારીને રાત બગાડે છે' પૃ ૩૧, 'પાછલા જન્મની અનાર તળાઈ પરનુ સવનન આ લીપણવાળી ઓસરીમાં' પૃ. ૪૯, 'ચાદરમા કશુંય નહોતુ છતાંય મેં એને સૂંઘી' પૃ ૫૬, 'આમ્રપાલીની સાથળ પરની રેશમી રુવાટી જેવાં' : પૃ ૬૯, 'તમારા ચૂંકથી અળગાં થયેલા બે જણા ચોંટી જતા'તા' પૃ. ૭૨, ) એમાંના કેટલાક કલ્પનો કવિકર્મના દૃષ્ટાંત તરીકે વિવેચકોને ખપ પણ લાગ્યા હોય, પણ રાવજીમાં 'શુદ્ધ કવિતા' વાચતા ભાવકને, સતત અપૂર્વ તાજગીની અપેક્ષા રાખતા હૃદયને એકસુરીલાપણું લાગે એ શક્ય છે કોઈ માનસશાસ્ત્રી આ કવિના અંગત જીવનની સામગ્રી એકઠી કરીને પ્રતીકોના અર્થ ઠરાવવા મહેનત કરે એ પણ અશક્ય નથી આ અંગે મારુ નિરીક્ષણ એવુ છે કે કવિ રાવજી અનેક પ્રકારની સંકડાશો વચ્ચે, ટાળી ન ટળે એવી મર્યાદાઓ અને મુશ્કેલીઓ વચ્ચે પણ વિક્રમી રહ્યો હતો એનુ એ તપ વહેલુ તોડી પાડવામાં આવ્યું ( અથવા તૂટી પડ્યુ ) અને એનો જે દેહ વાણી રચનો હતો એમાંથી એના આત્માને મુક્ત કરવામાં આવ્યો ( અથવા મુક્ત થયો, ) અનાત્મવાદી ભાવકોએ પણ રાવજીની કવિતાને બિરદાવી છે પણ આત્મિક ચેતનાનો સ્વીકાર ક્યાંક ક્યાંક સૂચવાયો છે ખરો

મિલેટરી કેમ્પ પર અભાગિયા દોડધામ કર્યાં કરે-
આત્માને હાથપગ મળ્યા એનુ પરિણામ આ? (પૃ ૬૪)

અહીં મનુષ્યના શુભનિષ્ઠ ચૈતન્યના સ્વીકાર સાથે કવિ દૃઢ ભાવે યુદ્ધ-વિરોધ કરે છે યુદ્ધની ટીકા જ નહીં, યુદ્ધમાં સક્રિય થતા મનુષ્યની મૂર્ખતાની ઠેકડી પણ એ કરે છે અહીં એનો મનુષ્ય માટેનો પક્ષપાત ખુલ્લો બને છે નવમાનવતાવાદનુ સૈદ્ધાન્તિક સમર્થન કર્યા વિના પણ આ કવિ નખશિખ માનવતાવાદી છે બબ્બે વિશ્વયુદ્ધ પછી પશ્ચિમના સર્જકને કોઈ માનવીય મૂલ્ય ચિરંતન હોય એવો ભરોસો નહોતો રહ્યો ત્યારે આલ્બેર કામુએ કહ્યું હતુ કે માણસ પોતે જ એક મૂલ્ય છે, રાવજીની કવિતામાં કશાય ભેદ કે બાદ-બાકી વિનાનો માણસ હાજર છે એક નાનો માણસ પણ મોટા માનવીય પ્રશ્નો સાથે નિસબત દાખવવાનો હક ધરાવે છે અને ભલભલાએ એ હક કબૂલવાનો રહે છે એ રાવજીની કવિતા થકી સમજાય છે.

## ૭. દીર્ઘ કાવ્યો એક ઉપલબ્ધિ

રાવજીની બે દીર્ઘ રચનાઓ સ્વતંત્ર લેખની ગુંજાશ ધરાવે છે 'સંબંધ' ચારસો પચાસ પંક્તિનુ કાવ્ય છે અને 'ચણોઠી-રક્ત અને ગોકળગાય' ૧૪૬ પંક્તિનુ કાવ્ય છે.

'સંબંધ'ને કવિએ 'ક્ષયમાં આત્મદર્શન' એવા ઉપશીર્ષકથી ઓળખાવ્યું છે ૧૯૬૭–'૬૮ માં ત્રણેક માસના ગાળામાં અમરગઢના ક્ષય ચિકિત્સાલયમાં

આ રચના સર્જાઈ છે અનુભવ અને પરિસ્થિતિ નિશ્ચિત હોવા છતા આ દીર્ઘ રચના એની વીગતામા ઊતરતી નથી અહી ખાસ નોધવા જેવુ એ છે કે કવિ મનથી બીમાર નથી રોગ અને ઔષધનો સદર્ભો અહીં ઓછામા ઓછા છે કાવ્યનાયક દીવાલોમા છે એથી વધુ બહાર છે

મારી ઊઘ સેદીને પીમળી મહુડલ ટેકરીઓ
સોરઠનુ આકાશ છીપમા ભરી લોભવે સમણામા (પૃ ૮૧)

વાસ્તવ જ્યારે અમલ્ય લાગે ત્યારે મનુષ્ય સ્વપ્ન માટે લોભાય છે પણ રાવજી માટે સ્વપ્ન એ વાસ્તવમાથી પલાયન નથી, વાસ્તવનુ અમૂર્ત અને તરલ એવુ સવેદ્ય રૂપ છે

કવિ સૌરાષ્ટ્રમા છે, દ્વારિકાની નજીક છે, અગાઉ પણ દ્વારિકાનુ સ્મરણ થતુ રહ્યુ છે ડાકોરમા ભણેલા માટે દ્વારિકાની સ્મૃતિ નહીં, વિસ્મૃતિ જ અસ્વાભાવિક હોય

મોરપિચ્છની ટીલડી વચ્ચે
નગર દ્વારિકા મ્હેકે (પૃ. ૮૨)

આવા એક કલ્પનની ફરતે લૌકિક સૃષ્ટિના અનેક સદર્ભો ગૂથાયા છે 'હુ કયા પુરુષનો અવાજ સુતો ?', 'મૌનનો મોભ બની તોળાતો' અને 'ટેઠ ન્યૂસના ફેંટા બાધી બયઠળ એમ તીરે જોને' જેવા સદર્ભો તાણાવાણાની સકુલતા વધારતા જાય છે કથાનક કે પાત્ર દ્વારા કાવ્યને વિકસાવવાની અપેક્ષા રાખનાર ભાવક અહી નિરાશ થશે અધ્યાસો, કલ્પનો અને પ્રતીકો દ્વારા કવિ વાચકને સવેદનયાત્રા કરાવવા ઇચ્છે છે એમા આવતો 'ઇતિહાસ' પણ વીગતો છોડીને ભાવક્ષેપ બની સ્પર્શે છે દિલ્લીના છેલ્લા બાદશાહ કવિ બહાદુરશાહ ઝફરનો ઉલ્લેખ જાણે કે કાવ્યનાયકના લોહીના લયનો એક અશ છે.

હિસાબમાથી યુગ મરેલો કાઢયો
એને ધડ નક તોલે તોલ્યો,
મારી સગી નજર શો ઝફર
આખથી બટકી લીધો
કોકે મારો હાથ હલાવી પીધો ! (પૃ ૮૪)

જેના જીવનમા કોઈ કર્તૃત્વ રોપ રહ્યુ નથી, તો બીજી બાજુ એનુ આતર જગત દર્દ ભર્યું છે એવો છે આ કાવ્યનો ઉદ્ગાતા એ ભય પણ અનુભવે છે :

તળાવની નખરી ચૂડેલો
નવીસવી કો પરણેતરનો કોઠો માજે (પૃ ૫૮)

પૌરાણિક સદર્ભો આવે છે 'ૐ' અક્ષર સાથે પણ રાવજીને વળગેલા છે રાજનાઠી અને મૂડીવાદના અનિષ્ટો, માણસનાં નિષ્ઠુર મનોરજનોના સકેતો પણ 'એક ઝાટકે સિંહ વાઢીને' જેવી પદરચનામાં જોઈ શકાય

હું નગરાનો ફળફળતો ચિત્કાર
હું સાવરણીના રૂંછા જેવી ભવિષ્યરેખા.
હું પયગમ્બરનો નકલી ચહેરો
મૂગો હાહાકાર કારમો
હાથ વગરનો ખોરંભ
બધું રૂંધેદી નાખી શોધું અંતરતર મારો
વેરાયેલો હાથ,
મારો હાથ ગયો ક્યાં?
પયગમ્બરની બટકાયેલી જીભ ગઈ ક્યાં? (પૃ ૮૫).

અહીં અનોખા લક્ષણ ધરાવતો કાવ્યનાયક રજૂ થઈ ગયો નથી પણ એક લાંબો ભૂતકાળ ધરાવતો, ધર્મ અને સંસ્કૃતિમાંથી આશ્વાસન કે ઉકેલ પામી ન શકેલો વિશ્વનો પ્રતિનિધિ અથવા સરેરાશ મનુષ્ય વ્યક્ત થઈ રહ્યો છે.

ઢાળ ચઢ્યા પછી માણસ વિસામો શોધે એમ કવિ ગતિશીલ કટાવમાંથી ગદ્યમાં આવી જાય છે ગદ્યની ચૌદ પંક્તિ પછી તુરત આત્મવૃત્તાન્તનું સ્વરૂપ બદલાય છે 'લોકો મને કવિ કહે છે, એ જરા આનંદની વાત, નહીં ?' આ વિધાન પછી કવિને છાજે એવો ઉદ્ગાર આવે છે :

થોરની શય્યા પર સુખેથી કકળે
વૃદ્ધ જાગરણ મારું

રાવજીએ અંગત ઉલ્લેખો દ્વારા કાવ્યનાયકને કવિ રાવજીની નજીક લાવવામાં વારંવાર ઔચિત્ય જોયું છે એટલા માટે કે આ રીતે એક વાયવ્ય વસ્તુને વાસ્તવનો આભાસ આપી શકાય પછી તુરત, વાચકને શ્વાસ લેવા દીધા વિના અતિશયોક્તિ અને અતિવાસ્તવનો આધાર લીધો છે

મારા મડદામાંથી સાવ સડેલા શહેર
ખેતરી કાઢો ! (પૃ ૮૮)

વચ્ચે પાછી શબ્દ-ચર્ચા પણ આવે કળાકાર ભૂપેન ખખ્ખરનો ઉલ્લેખ પણ આવે. શ્રુતિકલ્પન અને દૃશ્યકલ્પનનો વિરલ સંયોગ પણ રચાય :

અંધારાની પાછળ રહીને
સૂરજ જે ચીતરે છે ત્રાડો,
હું સૂતો છું જાણે
અંગ વગરનો રેલો (પૃ ૯૦)

જે આધુનિક જગતનો સરેરાશ મનુષ્ય છે તે આ 'અંગત'ના કવિની લગોલગ આવી જાય છે અને એકબીજા વતી વાત કરી શકે છે :

ફૂલેલું ફાટેલું પેટું ઝાડ ચૂકેલું બીમાર;
રોજ સવારે
સુંવાળા મનનાં સળગાતાં પડખાં ધીમાં ધીમાં. (પૃ. ૯૧)

'અગત' અને 'બિનગત'નો આ સમ્બન્ધ વિરલ છે જાણે કે રાવજીએ પોતાની જ કરુણ પ્રશસ્તિ – એપિટાફ લખી ન હોય! કાવ્યનાયકની અનુભૂતિ પરિચિત સત્તાઓ દ્વારા સધાતા અપરિચિત ઇન્દ્રિય વ્યત્યયની મદદથી વ્યક્ત થાય છે

ગરાસિયાના રજવાડા રૂવાડે ડખ્યા
ગરાસણી ઘોળી ઘોળીને આરો
ઉંચી ડોલતી રે લોલ
રે ખેતરનુ એકાંત રજામા ધસી આવતુ (પૃ ૬૧)

એક ક્ષણમા આવુ નાજુક સંવેદન તો બીજી ક્ષણમા વૈશ્વિક વાવટોળની રમણા એ પકીનાખો કે હુ હવાતણો માનિક જીરવાની જવાબદારી બીજાઓને – નોકરોને – માથે નાખી દેવાને લગતી પેલી વિખ્યાત ઉક્તિ રાવજીની પોતીકી બનીને આવે છે 'કે ભર્ગ ઘણી વાર તો જીવવાનુ આ લફરૂ પણ બાજાને માથે નાખુ'

આ જ ખ્યાલને એ ભારતીય સરકાર અને સંદર્ભમા રજૂ કરે છે •

આમા જેવો ભાર દેહમા નથી સમજાશે એવુ લાગે (પૃ ૬૩)

કાવ્યના અંત ભાગમા નકાર બોનકો બને છે અને વળી પરાવાસ્તવ રચનારીતિની મદદ લેવાય છે 'અમને મરી ગયેલા મારે જોતા વિધાન પછી 'હુ મડદાની આંખોમા તરવા લાગ્યો!' સુધીની ગતિ કલ્પનામા જ નિર્ભ્રાન્તિ પામવાની પ્રક્રિયા બની રહે છે

સંપૂર્ણ સમર્પણ દ્વારા શક્ય મનાયેલી પ્રભુની અનુભૂતિને ગંભીરતાપૂર્વક અવગણીને કવિ ઈશ્વરની સરજતની મર્યાદા ચીંધે છે અને દાવો કરે છે 'હુ આનો છુ હવે અંતહીન નિદ્રા ઘડના' આ દાવો શબ્દાન્તરે મૃત્યુનો સ્વીકાર છે કવિ મુક્તિ નથી માગતો, શાશ્વત નિદ્રા ઝંખે છે

'ચગડોળ-રક્ત અને ગોમ્બાગાય' નામની રચનામા મુક્ત સાહચર્યોથી એ 'દગ્ધ કૃતિ-કવિ'ની અનુભૂતિ આલેખે છે એને સહજ છે એના ઇન્દ્રિયપરક ઇન્દ્રિય-વ્યત્યયોનુ પ્રમાણ અહી ઓછુ છે એ પાત્ર કે દશ્ય પંક્તિઓના એકમો વડે એ સંદર્ભો યોજે છે લાગણીના, પણ એ સંદર્ભો યોગે જ સંપ્રગના જન્મે છે, આધુનિક સંવેદના અનુભવાય છે કવિતાનો રમરણવય, સંયુક્તા, મધ્યયુગીન વારસો, જાનપદી જીવન, જીર્ણ બીડ, મિત્રની સ્મિમત, મૃત દાદીમા, વડવાઓ, વળી પાછો લકા-દ્વારકાનો સંકેત – એ બધુ એક જ ક્ષણમા સમાઈ જેનુ ચૈતસિક રૂપ વિસ્તારે છે આ 'સાયકોલોજિકલ ટાઇમ –ચૈતસિક સમયનુ નિરૂપણ તો આપણા કથા-સાહિત્યના વાચકોને હવે અજાણ્યુ નથી પણ એનો વેરાન પટ તૈયાર કરીને રાવજી આનાકાનિમક રીતે જ એવો ફોગો ઊંડે છે કે વિસ્મય થાય

# ઉમાશંકરની સૃષ્ટિમાં ડુંગર, ઝાડ અને ટ્રેન*

**સુમન શાહ**

ડુંગર અને ઝાડ સ્થિતિનાં તેમ જ ટ્રેન ગતિનું એમ બે પ્રમુખ પ્રતીકો વડે ઉમાશંકર જોશીની કેટલીક રચનાઓ પોતાના સૌન્દર્યને પ્રગટાવે છે એમ કહી શકાશે 'ધારાવસ્ત્ર'ની ઘણી રચનાઓમા આ સ્થિતિ-ગતિના પ્રતીકો છે 'માઈલોના માઈલો મારી અંદર', 'એક ઝાડ', 'ઝાડ પર કુહાડાના' તથા 'આરસના કઠેડા' એ ચાર અહીં પ્રગટકોટિ-૩૫ રચનાઓ છે, કર્નલ સ્પૉટ્સ છે ઉમાશંકરમા ગીતોનું સૌન્દર્ય શરૂથી ખીલેલું, પણ પછી વચગાળામા પ્રકૃતિકાવ્યોમાં આછર્યું હતુ, 'આતિથ્ય' અને 'વસન્તવર્ષા'માની અનેક રચનાઓ એ સન્ક્રાન્તિ દર્શાવી આપે છે, 'ધારાવસ્ત્ર' કૃતિમા એનો છેડો છે, એ અહીં પાચમુ કર્નલ સ્પૉટ છે આ પાચેયની આસપાસ 'સમગ્ર કવિતા'ની અનેક રચનાઓને મૂકી - ગૂથી શકાશે

'પંખીલોક' આ વર્તુળની સમ્પૂર્તિ રચતું તેમ જ 'સમગ્ર કવિતા'નું પણ એક પૂર્ણવિરામસ્વરૂપ છેડું અને અંતિમ કર્નલ સ્પૉટ છે - જેમા સ્થળ અને કાળ માત્ર ઇન્દ્રિયબોધના પ્રાચુર્યમા જ પામી શકાય છે, વિસ્મયની ધબક અનુભવાવરાવતી આ કૃતિમા ઉમાશંકરે પોતાનામાના કવિને કાજે - અને એમ મનુષ્ય માત્રને માટે પંખીલોકનો પ્રકૃતિ-સન્તાનોનો, મોટો ઉત્સવ રચ્યો છે - ફલશ્રુતિ એ છે કે અહીં કવિ અને ભાવકનુ એક નિષ્કલેશ ઉપનિષદ રચાય છે, જેની મૌન ચરમ સમ્પ્રાપ્તિ છે

'માઈલોના માઈલો મારી અન્દર' 'ડિસ્પર્સિંગ કૉન્ યમનેસ'ની અનુભૂતિનું કાવ્ય છે કાવ્યનાયકની ચેતના પોતાના અસ્તિત્વને, ઘૂમતી પૃથ્વી અને દોડતી ટ્રેનના ગતિ-ચકરાવાઓ સાથે, પ્રકૃતિમાં સમરસ થઈ જવુ અને એમ નર્યું પારદર્શક થઈ જતું અનુભવે છે એની સમુદાર પ્રફુલ્લતાને દોડતી ટ્રેનની રૈખિક ગતિ, પ્રારમ્ભે, વીધતી ચાલે છે પરિણામે ચોપાસના પ્રકૃતિતત્ત્વો એનામા પ્રવેશી શકે છે રચનાના પહેલા ખણ્ડમા આવુ વિરુદ્ધ ગતિનુ એકત્વ સિદ્ધ થયા પછી, નર્યાં યથાર્થ અને તળભૂમિમા જિવાયેલા કલ્પનો - ધરો, ઝૂ પડીઓ, ઓકળી-લીંપ્યા આગણા, છાપરે ચડતો વેલો, કન્યાના ઝલના મરતુ પતંગિયું - હસ્તામલકવત્ થઈ ઊઠે છે, 'જાણે હથેળીમા રમે .' બીજા ખણ્ડમા, માઈલોના માઈલો જેવા ભૌગોલિક અન્તરો નહિ, પણ

* 'ઉમાશંકર, સમગ્ર કવિતાના કવિ એક પ્રોફાઈલ' લે સુમન શાહ,-નો કેટલોક અંશ અહીં રજૂ કર્યો છે ચન્દ્રમૌલિ પ્રકાશન, અમદાવાદ વડે આ પુસ્તિકા ટૂંક સમયમા બહાર પડશે

વિશ્વોના વિશ્વો જેવી અગોચર સભરતાઓ નાયકચેતનામાં પ્રવેશે છે ચક્રાકારે સમસ્ત પ્રકૃતિ – નિહારિકાઓ, આકાશગંગાઓ, નક્ષત્રોના ધણ તારા, આગિયા, વગેરે – એની સામે આવ્યે જ જાય છે અને ત્યારે એ 'તરસ્યો' એ સભરતાનું આકંઠ પાન કરી રહે છે, પોતાની ચેતનાને વિસ્તીર્ણ થતી અને પ્રકૃતિ સાથે એકરૂપ થતી અનુભવી રહે છે આ સમૃદ્ધ આનન્દાનુભૂતિ એનામાં ઉદ્ભવિત એવી ઝંખા–આશા–ઉગાડી આપે છે કે 'વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થયા કરે'

ઘૂમતી પૃથ્વી ઉપર હું માટીની શૃંખલાથી બદ્ધ' જેવું યથાર્થ કલ્પન રચનાને પણ વાયવી નહિ બનવા દેનારું કેન્દ્રવર્તી કલ્પન છે 'અનંતની કરુણા' કે 'ધરતીની દ્યુતિ – અભીપ્સા' જેવા અલંકરણો ઉજ્જ્વળ કલાધર કવિના મેં ક્ષમ્ય લેખીએ, પણ નાયક કેન્દ્રમાં અનુભૂતિ જે રીતે સ્થિર થઈ છે તેની સહભાગબન્ધક પ્રક્રિયા તેમ રચનાની વસ્તુનિષ્ઠતાનું અવશ્ય ગૌરવ કરીએ

ઉમાશંકરની વ્યક્તિમાં ડુંગર અને ઝાડ તેમ જ ટ્રેન વર્તુળાતા ધ્રુવો છે એમની પહેલી જ રચનાની પહેલી જ બે પંક્તિઓમાં 'શૃંગમાલા' અને 'તરુતરુ'નો નિર્દેશ છે

'પેલી આઘા ધૂમસ મહીંથી શૃંગમાલા જણાય,
નાચી નીચા તરુતરુ ચૂમે ચારુ વારિ તરંગ'

અહીં 'એક ઝાડ' ઝાડના પ્રતીકને રજૂ કરતી રચનાઓમાં ઉત્તમ છે 'શાખાઓની વચ્ચે એક ડાળી સરસ ઝાલી ગયું છે જાણે મૃત્યુફળ' એ છેલ્લી પંક્તિ, ચિત્રકાર નહિ હોવાનો અફસોસ ધરાવતા નાયક વડે અંગાર અગ્નિ થઈને સુકાઈ રહેલા ઝાડને અતિશય સંવેદ્ય બનાવી મૂકે છે પંક્તિમાંનો અંતિમ શબ્દ 'મૃત્યુફળ' કૃતિની આખી સંરચનામાં છેક છેલ્લે આવીને ભાવકના હાથમાં જાણે કાવ્યફળ મૂકી રહે છે એ વિલક્ષણ સૂક્ષ્મ 'ટેપરિંગ', રચનાનો ઉત્તમ અંશ છે એ શબ્દસંકેતની પૂરી સાર્થકતાને ત્યારે અહીંથી જોઈ–માણી શકાય છે કવિનું ચિત્ર ચિત્રકારના સંભવિત ચિત્ર પર આમ સરસાઈ ભોગવે તેવું પૂરું વ્યાવર્તક બન્યું છે

આવું જ 'ટેપરિંગ' 'ઝાડ પર કુહાડાના' રચનામાં અનુભવાશે આ ટૂંકી રચના એક વાસ્તવિક અને એક અતિવાસ્તવિક એવા બે વિભાગને આ ઇન્દ્રિયગોચર બનાવે છે આખું કેટલું સુંદર છે તે જોઈ જ લઈએ.

'ઝાડ પર કુહાડાના એક પછી એક ઝાર ટચકા,
ડુંગરીઓનાં ઊંડે ઊંડે ઘા પડઘાતા
કડડડ ઉપર થી એ ઢળ્યું,
ઝાડના ટેકા વગર ડુંગર જાણે આ કસવાઈ પડ્યો!'

'આરસના કઠેડા' રચનામા, આરસનું બધુ જ સજીવ બને છે, પણ ફુવારામાથી ફોરા પણ આરસના કે ખુરશીઓ સાથે ચહેરા અને હૈયા પણ આરસનાં 'સ્ફુરાયમાન' થઈ ઊઠે છે, આરસના – ની એકતાનતાને લીધે, ત્યારે રચનાનુ સમગ્ર આંદોલન પણ 'ફ્રીઝ' થઈ જાય છે? આવી રચનાસિદ્ધિમા કાવ્ય કલાનુ સૌન્દર્ય કેટલુ શુદ્ધ હોઈ શકે તેનો ભાવક મહાર બાંધી શકે છે અહી ગતિ હમ્મેશાની સ્થિતિ થઈ ચૂકી છે કે શું એવી દહેશત ઊભી થઈ આવી છે

ડુંગર અને ઝાડ જેવી સ્થિતિઓને ટ્રેન જેવી પરિસ્થિતિપૂર્ણ ગતિઓ હવે ભેટે છે. સ્થિતિ પર ગતિનુ જાણે ભારે મોટુ આક્રમણ છે, સ્થળ પર સમયની પાંખ જાણે જોરથી વીંઝાતી રહી છે આ રચનાઓ, આની પ્રતીક ાત્મકતાના વ્યાકરણમા પડયા વિના જ, પોતાના સૌન્દર્ય વડે અજાણતા જ કશોક બોધસંકેત પ્રગટાવી જાણે છે. કાવ્યનાયકનુ ભીતર ઘણા સંદર્ભોથી આક્રાન્ત છે આ રચનામાં, પણ ગતિયુગે એને અપૂર્વપણે ગ્રસ્ત બનાવી મૂકયો છે ઉમાશંકરની છેલ્લા દાયકાની રચનાઓનો સૂર આમ અન્તરાલોમાં વહે છે એ રીતે કવિ પોતાના પૂર્વ સર્જનરાશિમાંથી ઘણાબધા બહાર અથવા ઘણાબધા અંદર-દૂર ચાલ્યા ગયા છે એમ સૌન્દર્યશોધ આ રચનાઓને કારણે જ કહેવુ પ્રાપ્ત થાય છે. એ, ઉઘાડુ કશુ નહિ કરીને ઘણું કહેનારી રહસ્યમય સુન્દરતા પોતે જ છે

આ પદ્ધતિનુ પાચમું કર્નલ સ્પૉટ 'ધારાવસ્ત્ર' – કાવ્ય રહસ્ય અને સૌન્દર્ય બેય છે 'સમગ્ર કવિતાનુ' અપ્રતિમભાવે સુન્દર આ કાવ્ય અત્યંત ટૂંકુ છે છતા ઘણુ મોટુ પરિમાણ પ્રગટાવે છે 'નિશીથ'કાર માટે આ રચનાનુ સૃષ્ટિવ્યાપી અને એનેય 'ઝપટમા લેતુ' અતિ વ્યાપ્ત પરિમાણ નવી વસ્તુ નથી, પણ એને આમ લસરકામા, જાણે એક જ સ્ટ્રોકમા, રચી દેનારુ લાઘવ સાચે જ અપૂર્વતા છે

ગતિ-દશ્યોને ધારાવસ્ત્રના ફરફરાટ સાથે રંગી નાખીને કવિએ અહી સ્પર્શબોધના વિજયો બનાવી મૂકયા છે, તો 'બારણું' આ ત્રિભિગનો ભવ્ય-સુન્દર છબિ સામે સહેજ જુદી પડતી મનુષ્યાકૃતિ તરીકે જક્સ્ટાપોઝ થાય છે સર્પને વાગેલા દંડમેલાનો છેડો બારણાં 'ધડાક' 'ભિડાય છે' ત્યા જાણે આવતો ન હોય એમ ગતિ-શ્રાવ્યોની ભાત ઊપસે છે ગતિ-દશ્ય અને ગતિ-શ્રાવ્યથી ગૂંથાયેલું ધારાવસ્ત્ર સ્પર્શને રૂપે આપણે 'ઓ . પણે' લહેરાતું અનુભવીએ છીએ ત્યારે કવિનો અવાજ પણ આપણી નજીક થઈ ચૂકયો છે પૃથ્વી-રોપ્યા વૃક્ષ જ નહિ, જેને હાથ છે તે સૌ, એને ઝાલવા જાણે વ્યર્થ મથ્યા કરે છે એમ 'વ્યર્થ'નો સૂર કાવ્યકૃતિની બહાર વિસ્તરતો થાય છે – 'વ્યર્થ હાથ વીંઝ્યાં કરે'-થી વૃક્ષોની જે છબિ રચાય છે તેનો ભવ્ય – સુન્દર સાથે

અ-વિરોધ નથી એક – અખિલ દર્શનમાં, પણ આમ 'હાથ'નું 'વીંઝાવું' જેવાં અર્થાંતરો જુદી ભાત અવશ્ય ઉપસાવે છે વર્ષાનું આ એક સુન્દર કાવ્ય, 'ઝપાટાભેર' હોવું, ક્યાંથી, ક્યાં ચાલ્યું જાય છે – જેવો જે પ્રશ્નાંકિત આવરીને બેઠું છે તેમાં વિસ્મયભર સૃષ્ટિની એક આખી પરમ લીલાનું સૂચન છે 'ધારાવસ્ત્ર' પ્રતીકકાવ્ય નથી, કાવ્યપ્રતીક છે. આપણી ચેતનામાં ઝિલાઈને એ, પછી તો, હમેશાં ફરફરતું ફેલાતું રહે છે સુન્દર જે થાતાં, અર્થે કે વર્ષા જે ઠક્ક મ્હોરી રહે તે અહીં મોટો રચનાવિશિષ્ટ ઐન્દ્રિય ગુણ છે વ્યથાને એ હરી શકે આખી રચના આ રહી :

### ધારાવસ્ત્ર

કોઈ ઝપાટાભેર ચાલ્યું જાય,
ક્યાંથી, અચાનક
સૂર્ય પણ જાણે
ક્ષણ હડસેલાઈ જાય
ધડાક બારણાં ભિડાય
આકાશમાં ફરફરતું ધારાવસ્ત્ર
સૃષ્ટિને લેતું ઝપટમાં.
ઓ: પણે લહેરાય
પૃથ્વી-રોપ્યાં વૃક્ષ એને ઝાલવા
મથ્યા કરે – વ્યર્થ હાથ વીંઝ્યા કરે

(૫-૯-૧૯૮૨)

□

# જેમ્સ જોય્યસ: ધ પોર્ટ્રેટ*

**અનિલા દલાલ**

કિશોર સ્ટીફનના માનસ પર ઘેરી અસર નિપજાવનાર એક પારિવારિક ઘટનાનું આલેખન જોય્યસના સંરચનાકૌશલનું ઉત્તમ ઉદાહરણ છે તે ઘટના છે કલોન્ગોઝ વુડ શાળામાંથી ક્રિસ્ટમસની રજાઓ ગાળવા ઘેર આવેલા સ્ટીફને જોયેલું ક્રિસ્ટમસ ડિનર વખતનું ઘરનું દૃશ્ય શાળામાં એકલતા અને ભય અનુભવતો કિશોર ઘરની હૂંફ અને સુરક્ષાની કલ્પના કરી રહ્યો છે. તેની આ ભાવના ડિનર સમયે છિન્નભિન્ન થઈ જાય છે. નિરૂપણ એવું કલાત્મક અને સ્વયંપર્યાપ્ત છે કે એ સ્વતંત્ર ટૂંકી વાર્તા તરીકે પણ નભી શકે, અને તેમ છતાં તે નવલકથાના સંકલનમાં અભિન્ન રૂપે ભળી જાય છે અહીં પરિવાર તરફથી અને સમાજ તરફથી થતા છેહના કથાઘટકનો વિનિયોગ છે

સ્ટીફનના માતા–પિતા, ગવર્નેસ દાંતે, શ્રી કેસી, સ્ટીફન વગેરે એક સાથે ડિનર ટેબલ પર બેઠાં છે સહેજ વાતવાતમાં દાંતે અને કેસી ઝઘડી પડે છે આઇરિશ નેતા પાર્નેલના થયેલા પતન અને મૃત્યુને માટે કેસી રોમન કૅથલિક ચર્ચ પર આરોપ મૂકે છે દાન્તે ચર્ચનો બચાવ કરી જણાવે છે કે પાર્નેલ અનૈતિક હતો અને આવા પતનને યોગ્ય હતો ચર્ચે રાજકારણમાં માથું મારવું જોઈએ નહીં એવી કેસીની માન્યતા સામે દાન્તે આગ્રહપૂર્વક કહે છે કે જાહેર નૈતિકતાનાં ધોરણો જાળવવા ચર્ચને વચ્ચે દરમ્યાનગીરી કરવાનો પૂરેપૂરો હક્ક છે. અંદરોઅંદરના આ ઝઘડામાં પછી તો સામસામા આરોપ, ધાકધાક, ગાળો, ચીસો, થૂંકવું વગેરેનો ઉપયોગ થાય છે પાર્નેલના પતનથી રાષ્ટ્રમાં અને પોતાના પરિવારમાં પડેલા ગંભીર ભાગલા કિશોર મન પર ઘેરી અસર પાડે છે કોણ સાચું અને કોણ ખોટું એ તો એને એ વખતે સમજાતું નથી, પણ મૂંઝાયેલો સ્ટીફન મહેસૂસ કરે છે કે ઘરમાં મળતી હૂંફ અને સુરક્ષા સદા માટે નષ્ટ થયાં છે. આ ઘટના સાથે જોય્યસના જીવનનું પણ અનુસંધાન જોઈ શકાય છે યુવાન જોય્યસને પાર્નેલ માટે ઊંડો આદર હતો ઘણી નાની વયે પાર્નેલને દગો દેનાર હીલી પર 'Et tu, Healy' નામનું કાવ્ય રચી જોય્યસે પાર્નેલને સીઝરની સમકક્ષ મૂક્યો છે, તો એક ટૂંકી વાર્તા 'આઇવી ડે ઇન ધ કમિટી રૂમ'માં 'બિટ્રેડ કિંગ' એવા પાર્નેલને ક્રાઇસ્ટ સાથે સરખાવ્યા છે (સ્ટીફન પણ બીજે દિવસે પાર્નેલ પર કાવ્ય રચવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે.) અહીં કથામાં ડિનર

---

* ગતાંકથી ચાલુ.

સમયે ચેન્ડ્રિશીઅર પર ગોઠવેલી લીલા રંગની આઈવી (એક જાતનો છોડ) પણ પાર્નેલને પ્રતીકિત કરે છે. સમાજ અને રાષ્ટ્ર અને ધર્મસંસ્થાએ પાર્નેલને છેહ દીધો છે. સ્ટીફનને પણ પરિવાર, સમાજ, ધર્મ, રાષ્ટ્ર તરફથી થતા છેહનો પછીથી જે અનુભવ થાય છે તેના સંકેતો બાળવયે નિહાળેલા આ દૃશ્યમા પડેલા છે.

જોય્સે મુગ્ધ પ્રેમી તરીકે સ્ટીફનનું જે ચિત્ર ઉપસાવ્યું છે તેમા પણ કથાઘટકનો વિનિયોગ છે – એ છે અપ્રાપ્ય નાયિકા માટેનો અયોગ્ય મુગ્ધ પ્રેમી. પ્રણાલીગત નવલકથાકાર સામાન્ય રીતે ઘટનાઓ કે વિગતો રજૂ કરે છે, અહીં નાયકના વ્યવહારના ભિન્ન ભિન્ન તતુઓ રજૂ કરાયા છે. એ તતુઓને સુસજ્જ ભાવકે સાંકળી લઈ નાયકના ચરિત્રમા સ્ત્રી માટેની અભિપ્સાને અનુભવવાની છે. કથાના બીજા વિભાગની શરૂઆતમા સ્ટીફન 'ધ કાઉન્ટ ઑફ મોન્ટેક્રિસ્ટો'નો અનુવાદ સાથે રાખી ફરે છે, અને વારવાર તેના પાના ફેરવે છે. એમા આવતી નાયિકા મર્સીડ્રિઝ અને તેને દૂરથી છૂપી રીતે ચાહતા તેના પ્રેમીને બગીચામા ઊભેલા કલ્પે છે. એ જ વિભાગના અતભાગમા તે મિત્રો સાથે 'ધ લેડી ઑફ લીઓન્સ' નામનું બુલ્વર લીટનનું નાટક જોવાની વાત મૂકે છે અને એક વાર તેના નાટકના નાયકનું સ્મરણ પણ કરે છે. બન્ને કૃતિઓમા આવતા નાયક પ્રેમીઓને તેમની પ્રેમિકા અપ્રાપ્ય છે. બન્ને તેમની પ્રેમિકાના સામાજિક દરજ્જાથી નીચી કક્ષાના છે, તેથી કા તો પ્રેમિકા તરફથી અવજ્ઞા પામ્યા છે, કા પોતાના પ્રેમનો એકરાર કરવાની હામ બીડી શક્યા નથી. સ્ટીફન આવો એક પ્રેમી છે એવો જોય્સે કરેલો નિર્દેશ ભાવકે પામવાનો છે. પિતાના માત્ર વ્યવહારુ વિચારો સાથે તેનો મેળ પડતો નથી, તો બીજી બાજુ ડબ્લિન નગરનું વાતાવરણ તેને પ્રતિકૂળ લાગે છે. એવે વખતે તે પોતાની સ્વપ્નિલ દુનિયામા એકલો એકલો ફરે છે, અને ક્યાક કોઈ મર્સીડ્રિઝને જોવા તેને પામવા ઝખે છે.

આદર્શ પ્રેમ અને આદર્શ નારી માટેની નાયકની આ એષણા વાસ્તવમાં ભ્રમ બનીને આવે છે. એક પાર્ટીમા પહેલી વાર તે ઈ સી – એમા ક્લેરી – ને મળે છે અને તેના તરફ આકર્ષાય છે. બાળવયની સખી આઈલીનનું સ્મરણ ઊભરાય છે. પ્રેમ પ્રકટ કરવાની ઉત્કટ ઇચ્છા છતા આ મુગ્ધ પ્રેમી તેમ કરી શકતો નથી, પણ બીજે દિવસે કાવ્યરચના કરવા પ્રેરાય છે – તેમાં પ્રેમીઓના રોમેન્ટિક ચિત્રને કલ્પે છે. અપ્રાપ્ય છે તેને કલ્પનામા ઝખી તે ઇચ્છા-પૂર્તિ કરે છે. સમય જતા, બે વેદેર કૉલેજમા એમાને જુએ છે, પણ તે તેની રાહ જોતી ઊભી રહેતી નથી. તેથી સ્ટીફન અત્યત હતાશ થાય છે. ગુલાબના બગીચાઓ અને મર્સીડ્રિઝનાં

સ્મરણોનું આદર્શ વિશ્વ કે કાવ્યરચનાનું કલ્પનાવિશ્વ તેને તૃપ્ત કરી શકતું નથી એકનતા ભૂલવાના પ્રયત્નો વ્યર્થ નીવડે છે ત્યારે આખરે તો દૈહિક વાસનાનો ભોગ બની વેશ્યા પાસે જાય છે ફરી વાર યુનિવર્સિટી કૉલેજમાં થતું એમા સાથેનું મિલન તેને કાવ્યરચના તરફ લઈ જાય છે, પણ તે સાથે એમાની એક પાદરી સાથેની છૂટછાટથી તે ગુસ્સે થાય છે એમા પણ, નારી પણ તેને તેના કલાકારના જીવનને મહત્ત્વપૂર્ણ કે ઉપકારક થવાને બદલે બંધનરૂપ ભાસે છે અને તેનો પણ તે છેવટે ત્યાગ કરે છે

જોય્સની આ કૃતિ સાથે 'એપિફની'(epiphany)ની વાત વારે વારે ચર્ચાયેલી છે 'સંબોધિ' અથવા 'સાક્ષાત્કાર'ની વાત છે, કોઈ આકસ્મિક ક્ષણોમાં એકાએક થતો સાક્ષાત્કાર એટલે એપિફની, પછી તે ધાર્મિક સ્તરનો પણ હોઈ શકે અને સૌન્દર્યલક્ષી પણ હોઈ શકે આ નવલકથામાં એક કલાકારની તસવીર છે એકાએક થતી સૌન્દર્યને લગતી દર્શનની અનુભૂતિ છે જોય્સ અને સાથે નાયક સ્ટીફન સૌન્દર્ય અને કલાના ત્રણ ગુણધર્મો ઐક્ય (યુનિટી), સંવાદિતા (હાર્મની) અને દીપ્તિ(રેડીઅન્સ)-માના છેલ્લા દીપ્તિ સાથે વ્યક્તિના 'સ્વભાવ'ને સાંકળે છે કોઈ ભાવના ઉદ્દીપનથી અથવા કોઈ શબ્દ કે વિચારની અભિવ્યક્તિની એકાએક આ 'સ્વભાવ' પ્રકટ થાય છે, ત્યારે 'સંબોધિ'નો અનુભવ થયો એમ સિદ્ધ થાય છે સ્ટીફનને સાગરના પાણી પર એક કિશોરીનું દર્શન થાય છે અને સાથે થાય છે સૌન્દર્યનું દર્શન, પોતાના સૌન્દર્યાભિમુખ અને કલાભિમુખ વ્યક્તિત્વનું દર્શન અનેક અવરોધો પરના તેના વિજય પછીનું આ 'સંબોધિ' છે, અને એ રીતે એ નવલકથામાં ઘણી રીતે મહત્ત્વનું છે પોતાના જીવનમાર્ગ – કલાકારની કારકિર્દીને – ઓળખી લેતા સ્ટીફનના ચરિત્રવિકાસની આ એક ચરમ સીમા છે રંગ પાણી પંખી વગેરેનું સામૂહિક કલ્પન સ્ટીફન પોતે કલાકાર તરીકે જન્મ્યો છે એ બાબતને એક ઝબકારામાં સૂચવી દે છે

'સંબોધિ'નો ઝબકારો થતા પહેલા સ્ટીફને જે વિચારો અને સંઘર્ષોનો અનુભવ કર્યો છે તે જોઈ લેવો આવશ્યક છે એ એક દીર્ઘ પ્રક્રિયા છે અગાઉ જોયું તેમ કિશોરાવસ્થામાં શાળામાં અને સમાજમાં સત્તાધીશોની જોહુકમીથી જાગેલો અપરાધભાવ તેને પીડે છે, તો બીજી તરફ પ્રેમિકાની ઉત્કટ ઝંખના તેને સતત તાણે છે, તે જાતીય પાપો તરફ ઘસડાય છે આ પાપોનો પરિતાપ અને પરિણામરૂપ શારીરિક માંદગી તેને માટે અસહ્ય બને છે મનમાં આધ્યાત્મિકતા અને ઐહિકતા વચ્ચેનું દ્વંદ્વ

ચાલે છે ત્યાં બેલ્વેડિયર કૉલેજમાં ત્રણ દિવસની 'રીટ્રીટ' * મનાવવામાં આવે છે. નરક પરના ઉપદેશો સ્ટીફનના મનમાં ભય જગાવે છે તે પાપોનો એકરાર કરે છે, અને ધર્મનો સ્વીકાર કરે છે આ ધર્મપરિવર્તન આંતરનું તો નથી જ, તે એક પલાયન માત્ર છે ચોથા પ્રકરણના આરંભમાં સ્ટીફન ઉપાસનાની જે યાંત્રિક રીતિનું અનુસરણ કરે છે તેના આલેખનમાં ગર્ભિત વક્રતા અછતી રહેતી નથી પ્રાર્થના વેળાએ તેને તો સૌન્દર્યલક્ષી અનુભવ થાય છે કલાકાર તરીકે વિકસતી તેની ચેતનાનો અણસાર અહીં મળે છે, પણ તે પોતે હજુ તેનાથી સભાન નથી કૉલેજમાં જેસુઈટ ડિરેક્ટર સાથેની એક મુલાકાતમાં ડિરેક્ટર તેને પાદરીનો વ્યવસાય સ્વીકારવા કહે છે તે દૃશ્ય પણ બહુ સૂચક છે : ડિરેક્ટર એક ક્રૉસ બ્લાઇન્ડ પાસે ઊભા છે, અને બીજા બ્લાઇન્ડની દોરીને હાથથી ગાળો પાડી રહ્યા છે ધર્મની અંધ શ્રદ્ધાનો અહીં નિર્દેશ છે, અને એના ગાળિયામાં પાદરી સ્ટીફનને ભરાવી દેવા માગે છે પણ સ્વતંત્રતાને ચાહક સ્ટીફન આ ગાળિયાના બંધનમાં નહીં ફસાય તે ધર્મનો અંચળો ફગાવી દે છે ઘેર જતા ઘરની નજીક સડેલા શાકભાજીની વાસ આવે છે ધર્મને છોડી તે આ 'ગેન્જિનેસ લાઇફ'ને સ્વીકારશે, તે જીવન પ્રત્યે અણગમો છતાં એ જ જીવન સ્વીકારવું પડશે હજુ 'સ્વભાવ' ઉદ્ઘાટિત થયો નથી પછી તે સાગરકિનારે ફરવા નીકળે છે × કિનારે ચાલી રહેલા સ્ટીફનને પાણીમાં પડેલા તેના મિત્રો જુએ છે તેઓ દૂરથી તેના નામની બૂમ પાડી તેની હાંસી ઉડાવે છે. એકાએક એ નામ 'ડૅડેલસ'ના ઉચ્ચારણ સાથે સ્ટીફનના મનચક્ષુ સમક્ષ આવે છે ક્રીટમાં ભુલભુલામણી બનાવનાર ડૅડેલસ અને સાગર પર મીણની પાંખો વડે ઊડતા તેના પુત્ર ઇકેરસનું ચિત્ર એમાં સ્ટીફન એક કલાકારના પ્રતીકને જુએ છે, તે સાથે પોતાનું ભાવિ, એક મર્જીકનું કલાવિશ્વ તેની સામે ઊઘડે છે પૈસા છોકરાઓના ચાલુ રહેતા અવાજોરૂપી અવરોધોની

* સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના માનમાં વર્ષમાં ત્રણ દિવસ પાળવામાં આવતી દુન્યવી કાર્યોમાંથી નિવૃત્તિ અને ધાર્મિક કાર્યોમાં પ્રવૃત્તિ. નવલકથાના ત્રીજા પ્રકરણમાં આવતું રીટ્રીટ અને ત્રણ દિવસો અપાતા ઉપદેશો (વિશેષે નરક પરનો ઉપદેશ)નું વિગતપૂર્ણ આલેખન સ્ટીફનના મન પર થતા ધર્મના પ્રભાવને નિરૂપે છે અવશ્ય, એક રીતે અહીં જોઇસની ચર્ચ પ્રત્યેની ઘૃણા સૂચવાય છે

× નવલકથામાં સ્ટીફનનું કાંઈ 'એકરાત' હોય તો તે તેનું 'ચાલવું' છે કિશોરાવસ્થામાં પિતાના મિત્રની પેરી કરી તે ચાલવા જાય છે, પછી કાલ્પનિક પ્રેમિકા 'મર્સીડિઝ'ની કલ્પના કરતો અને તેને શોધતો બગીચાઓમાં ઘૂમ્યા કરે છે, ડબ્લિન નગરની શેરીઓમાં, ઘરથી શાળા-કૉલેજ જતા આવતા, તેની ચાલવાની ક્રિયા નોંધવામાં આવી છે, આ 'ચાલવા' વખતે ચાલતા તેના ચેતનાપ્રવાહને જૉયસે ઘણી વાર આલેખ્યો છે

અવજ્ઞા કરી તે તો વિજયપૂર્વક સાગરના પાણીમા ઝંપલાવે છે જાણું કે નવો ધર્મ અંગીકાર કરતી વખતે બેપ્ટિઝમની વિધિ ન આચરતો હોય! પાણી પાપશુદ્ધિને પ્રતીકિત કરે છે પાણીમા આગળ વધતા તેને પેલી કિશોરીનુ દર્શન થાય છે, અને તે સાથે જ 'સંબોધિ' સ્ટીફનના મનમા ચાલતા સંઘર્ષો આ જ્ઞાનથી શમી જાય છે કલાકારની કારકિર્દી સમા નવા ધર્મનો અંગીકાર કરતા સ્ટીફનમા ક્રાઇસ્ટની છબિ ઊપસે છે ક્રાઇસ્ટની માફક તેના દેશના લોકો પછીથી તેને છેહ દે છે, અને તે નિર્વાસન રૂપી 'મૃત્યુ'થી શહીદ બને છે એનુ નિરૂપણ છેલ્લા વિભાગમા છે

પંચોતેર પાનાનુ પાચમુ અને છેલ્લુ પ્રકરણ વાચકોને કંટાળો આપે અને ક્યારેક બિનજરૂરી લાગે, પણ ખરેખર તો હેતુઅભિમુખ થયેલા કલાકાર નાયકના વિકાસનુ પૂર્ણ ઉદ્ઘાટન અહી છે પારિવારિક, રાષ્ટ્રિય અને ધાર્મિક – એ બધળા બંધનોને છેદી સ્ટીફન પોતાના કલાધર્મને સ્થાપિત કરે છે, પોતાના સૌન્દર્યશાસ્ત્રના સિદ્ધાંતો આલેખે છે અને એક કલાકારને અનિવાર્ય એવી મુક્તિ તે નિર્વાસનમા, – શાંત પ્રતિકારમા જ શોધી લે છે *

સ્ટીફનના આસપાસના પરિવેશ અને તેના આંતરિક પરિવેશમા વિરોધ છે જોય્સે આ વાસ્તવ અને આ આદર્શ વચ્ચેના વિરોધોની ભાત ઉપસાવી સૂચવ્યું છે કે કલાકારની સંવાદિતા અહી સધાવાની નથી ઘરના 'સ્વજનો'ની રસહીનતા કે પિતાની સ્થૂલતા, અને ભૌતિકતા પ્રત્યે અરુચિ ઉદ્ભવી છે, તો તે જ વખતે મહાન સાહિત્યકારો અને પૂર્વસૂરિઓ સાથેનો તેનો અનુબંધ સ્મરણો દ્વારા આલેખી જોય્સ સ્ટીફનની કલાભિમુખતાને નિરૂપે છે સહપાઠી મેક્કનનો ગંદા રાજકારણ માટેનો રસ કે રાષ્ટ્રિયતાના બણગા ફૂંકનાર મિત્ર ડેવિનના આઇરિશ ભાષાના પુનરુત્થાનના સંલાપો પ્રત્યે સ્ટીફનને તીવ્ર રોષ છે કોલેજના એક ડીનની ધર્મ પ્રત્યેની વફાદારી માટે તેને માન છે, પણ તેમનો સૌન્દર્યાભિમુખ થવાનો સમૂળો અનુત્સાહ તેને ખૂબ દુ:ખી કરે છે આવા વિરોધો વચ્ચે પણ તે બીજા એક મિત્ર લિન્ચ સમક્ષ પોતાના સૌન્દર્યશાસ્ત્રના સિદ્ધાંતોને ઝીણવટભરી વિગતો આપી ઉત્સાહપૂર્વક વર્ણવે છે અને કલાકાર તથા ઈશ્વરને સમાન ભૂમિકા પર લાવે છે .

---

* 'I will not serve that in which I no longer believe whether it call itself my home, my fatherland or my church and I will try to express myself in some mode of life or art as freely as I can and as wholly as I can, using for my defence the only arms I allow myself to use – silence, exile and cunning'.

('પોર્ટ્રેટ'માંથી, પાનું ૨૫૧)

'The artist, like the God of the creation remains within or behind or beyond or above his handiwork, invisible refined' out of existence, indifferent, paring 'his fingernails'.

કલાકારનું સર્જનકાર્ય સર્વોચ્ચ માનવીય કાર્ય છે તે ઈશ્વરના સર્જનના રહસ્ય જેવું રહસ્યમય છે. કલાકાર સૌન્દર્યધર્મનો સાચો ઉપાસક છે અને આખરી મિલન પરમ મિત્ર ક્રેનલી સાથે થાય છે માતાના ધાર્મિક મતોના આગ્રહનો પોતે અસ્વીકાર કર્યો છે તેની વાત કરે છે પરિવાર સાથેનો છેલ્લો તંતુ પણ તે તોડી નાખે છે અગાઉ જોયું તેમ રોજનીશીના પાના નવલ-કથાના આખરી પાના છે તેમા, ઇન્ટિરિયર મોનોલોગના સ્વરૂપે, આ બધા બંધનોમાથી તે મુક્ત થયો છે તેને અને નિર્વાસનના તેના નિર્ણયને પ્રકટ કરે છે

જોય્સને ભાષાકર્મમા અત્યંત રુચિ છે એનો સર્જનાત્મક ઉપયોગ આ કૃતિની પ્રભાવકતા સિદ્ધ કરવામા એમણે કર્યો છે પહેલા જ પ્રકરણમા શૈલીના સ્તરભેદ જોવા મળે છે નાયકની વય સાથે, એની પરિપકવતા સાથે, સંવાદિતા સાથે એવા શૈલીના પરિવર્તનો તેમણે યોજ્યા છે પહેલા પ્રકરણની શરૂઆતમા ભાષામા જોડકણા-ઉખાણા જેવી ભાષા અભિપ્રાય છે તો ક્રિસ્ટમસ ડિનર વખતના સંવાદો જુદા જ ભાષાન્તરના છે એક કિશોરચિત્તે તે જે રીતે ગ્રહણ કર્યો તે જ રીતે આલેખવામા આવ્યા છે નરક પરનો ઉપદેશ વાગ્મિતાનો નમૂનો છે સ્ટીફનને થયેલા કિશોરીના દર્શન સમયે યોજેલી ભાષામા સૌન્દર્યવાદી આંદોલનના પ્રણેતા પેટરની શૈલીની 'પેરડી' છે, તો યુનિવર્સિટીમા મિત્રો સાથેની સૌન્દર્યશાસ્ત્રની ચર્ચામા ૧૯મી સદીના અંત ભાગની નિસર્ગવાદી કથ્યરીતિનુ નિરૂપણ છે મુગ્ધ પ્રેમીની મુગ્ધ કાવ્યરચના દ્વારા એક રીતે જોય્સે પોતાની કલાની પ્રૌઢી બતાવી છે અહી જોય્સના હોઠને ખૂણે મરકતું સ્મિત જોઈ શકાએ, તો રોજનિશીના ઇન્ટિરિયર મોનો-લોગમા જોય્સની પછીની કૃતિ 'યુલિસિસ'ની આર ભની શૈલીની પૂર્વછાયાઓ જોવા મળે છે.

ભાષા આમ નવલકથાની રચનારીતિનુ એક મહત્ત્વપૂર્ણ ઉપાદાન બનીને આવે છે ઘણીખરી મનોવૈજ્ઞાનિક નવલકથાઓમા ભાષા નવલકથાકારની સર્જક ચેતનાનુ આવુ સન્માન પામેલી છે આ ભાષા મનોવ્યાપારો સાથે જોડાયેલી છે, તેમા પ્રતીકો અને કલ્પનોનુ વૈપુલ્ય છે, તેથી ઊર્મિમયતાનુ પ્રાધાન્ય હોય છે એ ઊર્મિમયતા આખી નવલકથાને ઊર્મિનવલ એવી સંજ્ઞા આપવા માટે કારણભૂત બને છે, 'પોર્ટ્રેટ'મા કલ્પનો અને પ્રતીકોની ભાત કથાના પોતને અત્યંત ઘટ્ટ અને ભાતીગળ બનાવે છે કથાનકો પણ રંગ, ગુલાબ, પંખી અને પ્રાણીના ફરી ફરી આવતા કલ્પનો – પ્રતીકોદ્વારા

વ્યક્ત થાય છે કથામાં પ્રયોજેલ લાલ ગુલાબ ઐહિકતાનું અને સફેદ ગુલાબ આધ્યાત્મિકતાનું સૂચક છે. મર્સીડીઝને સ્ટીફન લાલ ગુલાબોના બગીચામાં ઊભેલી કલ્પે છે સ્ટીફનની શાળામાં વિદ્યાર્થીઓ ઇંગ્લૅન્ડનો, તેમના શાસન કર્તાનો ઇતિહાસ ભણે છે, આયર્લૅન્ડનો નહીં. તે આજ્ઞાપાલકતા સૂચવવા પણ સફેદ રંગનો નિર્દેશ છે, સ્ટીફન પોતે આયર્લૅન્ડ માટે લીલા ગુલાબને મૂકે છે રંગનું આ આયોજન રાજકારણ સંદર્ભે પાર્નેલના પ્રતીક તરીકે પણ આવે છે દાન્તેના બે બ્રશ માઈકેલ ડૅવિડનું મરુન બ્રશ અને પાર્નેલનું લીલું બ્રશ સ્ટીફનને થતા કિશોરીના દર્શનમાં તે કિશોરીના દેહના ભિન્ન રંગો આલેખાયા છે. 'હાથીદાંત જેવી સાથળો', 'ભૂરો-સફેદ પોષાક', 'સોનેરી વાળ' વગેરે દૈવી તત્ત્વના સાક્ષાત્કારથી કોઈ સંતને થતા પરમ આનંદની અનુભૂતિ સ્ટીફન આ દર્શનથી અનુભવે છે નવલકથામાં સમગ્રપણે વ્યાપ્ત પંખી-પ્રતીક કથાનકને સઘન બનાવે છે ડેડેલસના પુરાણકલ્પનના 'બાજ' જેવા ઇકેરસ સાથેનું સ્ટીફનનું સામ્ય કલાકારના ઉડ્ડયનને સૂચવે છે સર્જન કરવા 'ગરુડ' બાળ સ્ટીફનની આંખો ફોડશે તેમાં પારિવારિક જોહુકમીનો અને પ્રીફેક્ટ ગ્લીસનના કોઈ પંખીના 'નહોર'વાળા ('ટેલન્સ') હાથમાં ધર્મસંસ્થાઓની જોહુકમીનો નિર્દેશ છે વર્ગના વડા વિદ્યાર્થીનું નામ 'હેરોન' – 'બગલો' છે, જે નાગરિક સત્તાધીશતાનું પ્રતીક છે પાણીમાં દેખાતી કિશોરી તો 'સાગર-પંખી' જેવી લાગે છે. કિશોરીની ઉડ્ડયનની મુદ્રા કલાકાર પોતાની આદર્શમૂર્તિ સન્મુખ આવી ઊભો છે તેને સૂચવી જાય છે

વીસમી સદીના નવલકથાકારો પોતાની નવલકથાઓમાં કલાકાર-નાયકને આલેખવાની પસંદગી કરે છે કલાકારનું વિશ્વ સામાન્ય વર્ગના લોકોના વિશ્વથી તદ્દન નિરાળું છે, કલાકારને તેના આસપાસના પરિવેશને પાર કરવાનો છે, તેથી નવલકથાકાર જ્યારે કલાકાર નાયકની ચેતનાને નિરૂપે છે ત્યારે તે નાયકના સૂક્ષ્મતમ ભાવોને અને સંવેદનોને આલેખવામાં સહજ જ સિદ્ધિ પામે છે (એટલે એમ પણ કહેવાયું છે કે મનોવૈજ્ઞાનિક નવલકથા આત્મકથનાત્મક બનવાની મોટી સંભાવના છે) 'પોર્ટ્રેટ' આવી 'કુન્સ્ટલર રોમાન' (કુન્સ્ટલર = કલાકાર) પ્રકારની નવલકથા છે કલાના સંદર્ભો અને સમસ્યાઓને કારણે આવી કૃતિઓ પોતે જ પોતાનો એક વર્ગ બની રહેતી હોય છે સાથે સાથે 'પોર્ટ્રેટ'માં સ્ટીફનના જીવનનાં પહેલાં વીસ વર્ષના ઘડતરની અને તેના વ્યક્તિત્વના વિકાસના ઉત્તરોત્તર તબક્કાઓની કથા છે, તેથી તે 'બિલ્ડુંગ્ઝરોમાન'-(બિલ્ડુંગ = ઘડતર) પ્રકારની કથા પણ છે પરિવાર, રાષ્ટ્ર અને ધર્મસંસ્થાઓના બળવાન પ્રવાહો, જોકે, એના ઘડતરને બદલે એના વિકાસમાં બાધક બને છે, પણ સ્ટીફન એ શૃંખલાઓને તોડી આગળ વધે છે એમાં, અવરોધો નિષેધાત્મક બળનું જ કાર્ય કરી કલાકાર સ્ટીફનને ઘડે છે.

☐

# અનભિજ્ઞ

## રવીન્દ્ર પારેખ

અ૦ શેરીને નાકે આવીને ઊભો રહ્યો એની નજર આગળથી ઘેટાંનું ટોળું પસાર થઈ ગયું થરકતા ઊનનો દરિયો જાણે રસ્તો તરી ગયો ધૂળનો ગુબ્બારો ઊઠ્યો અને એમાં લાલ ફાળિયા-વાળો ભરવાડ, ખભા પરની આડી ડાંગ પરના બન્ને હાથ ઝુલાવતો, એકાદ હુટો લલકારતો અદૃશ્ય થઈ ગયો સામેના ભાગના ઓટલા પર ઉભડક બેઠેલી મોટા ચાંદલાવાળી વહુ એની કરચલિયાળી સાસુના સણિયા માથાને નિખિયા વડે ઓળી રહી હતી લાલ વાવટાવાળાઓનું એક ટોળું મગફાર વિરોધી સૂત્રો પોકારતું ગલીને સામે છેડેથી જગતની દિશામાં વળી ગયું

અ૦એ ઝાડના થડ સાથે બંધાયેલ પોસ્ટના ડબ્બા તરફ જોયું ઝાડ થડને આધારે જ ઊભું હતું એક સાઇકલસવારે ડોશીને ટક્કર મારી એટલે એ પેલા જુવાનને મા-બેનની ગાળો ભાંડવા લાગી

અ૦ને થયું, પોતાને તો કોઈ ગાળો ભાંડનાર પણ નહોતું, એ રસ્તો ક્રૉસ કરીને બે માળના લાલ ઈંટના મકાન નીચે આવીને ઊભો રહ્યો ઈંટો કાળી પડી જવા આવી હતી મકાનની બહાર પડતા લાકડાના દાદર નજીક આવીને એણે મકાનની ટોચ પર ગોઠવાયેલ કાળી ચીમની તરફ જોયું, આકાશ વાદળાંઓથી ખીચોખીચ હતું વરસાદ પડશે એવું લાગતું હતું

અ૦એ નીચલા ઓરડાની બંધ બારી તરફ જોયું બારીનો ઉપલો કાચ તૂટી ગયો હતો મકાન બંધ હતું—શબપેટી સરખું ! અ૦નો મકાન-માલિક વૃદ્ધ હતો, ટાલિયો હતો એને દમનો વકરો હતો અને બે દિવસ પહેલાં જ એ હવાફેર માટે એના દીકરાને ત્યાં ગયો હતો

અ૦ હવે એકલો હતો

અ૦એ મોઢું હલાવી હલાવીને સૂકું ઘાસ ભચડતા ને ફીણ ઓકતા પોતાના સફેદ ઘોડા તરફ જોયું ઘોડાની ચામડી પરથી લડકો રહી નીને તપસી પડતો હતો અ૦એ ઘોડાની ચમકતી પીઠ થપથપાવી

અ૦ ઝડપથી દાદર ચડી ઓરડામાં પ્રવેશ્યો ઓરડામાં ફિક્કું અંધારું ખૂણે પડેલી સિતારીની જેમ સળવળ્યું અ૦ને કોઈની જોડે ફાવતું ન હતું એટલે એની સાંજ જરા વહેલી આથમી જતી હતી આમ તો એ સાંજ પડે પછી જ ઘરની બહાર નીકળતો વહેલા નીકળવામાં જોખમ હતું તોય આજે તો એ ફરવા નીકળી જ પડ્યો હતો આજે ખૂબ દૂર સુધી એણે જવું ન હતું ઘોડો, એણે એટલે જ સાથે લીધો ન હતો એને જ્યારે

જ્યારે પણ જંગલ તરફ જવાની ઇચ્છા થઈ આવતી ત્યારે એ અચૂક ઘોડેસવાર થઈને નીકળતો

શેરીના બીજા માણસો એની તરફ કંઈક આશ્ચર્યથી અને કંઈક કુતૂહલથી જોઈ રહેતા

આખી શેરીને અ૦ એકદમ વિચિત્ર, તોછડો અને અભિમાની લાગતો. કેટલાકે તો એની જોડે વાતો કરવાની કોશિશ પણ કરી જોઈ હતી પરંતુ કોઈનેય એણે જવાબ આપ્યા વગર, એ બધાને આંખો વડે જ ભચડી જવાનો હોય એમ, માત્ર ભાલાના ચમકતા ફળા જેવું જોઈને જ, રસ્તો ફાડી લેવાનું પસંદ કર્યું હતું.

અ૦ની પીળી ઝાયવાળી, છીંકણી જેવી કથ્થઈ કીકી, કાળી – બગછટ દાઢી, માથા પરની ફેંટ હેટ, પગના લાંબા કાળા ગમબૂટ, વચ્ચેથી કપાઈ ગયેલો નીચલો કાળો હોઠ, કપાળ પર ઘાનું જૂનું નિશાન – આ બધું જોનારને તરત જ એમ માનવા પ્રેરે એમ હતું કે એ આ પ્રદેશનો નહોતો

અ૦ આમ તો ખૂબ જ સેન્સિટીવ હતો, પરંતુ એક વાર, એક મિલિટરી ઑફિસરની ભૂખી પત્નીને આવેશમાં આવી જઈને એણે કચડી ખાધી અને મિલિટરી ઑફિસરની રિવૉલ્વરથી બચવા એણે, એનો ટોટો પીસી નાખ્યો, બસ! ત્યારથી એણે દેશવટો સ્વીકારી લીધો હતો

પોલીસ શિકારી કૂતરાની જેમ એની પાછળ પડી ગઈ હતી, પરંતુ એના હાથ હજી અહીં સુધી લંબાયા નહોતા એટલું વળી સારું હતું

આમ તો આ વિસ્તાર પણ ભરચક વસ્તીવાળો હતો પરંતુ પોતાને કોઈ ઓળખતું નથી એ વાતે આને રાહત હતી જોકે કબ્રસ્તાન જેવી થીજેલી શાંતિથી એ હવે કંટાળી ગયો હતો એને સતત એમ થયા કરતું હતું કે અહીં ભાગી આવીને એણે ઠીક નહોતું કર્યું અહીં કોઈ એની જોડે વાત કરવા ઇચ્છે તોપણ એ પોતે તેમ કરી શકે એમ નહોતું એમ કરવા જતાં પોતાનું નામ, પોતાનું ઠામ, પોતે ફલાણાઢીકણા પ્રદેશનો છે, ખૂની છે, પોલીસથી સંતાતો ફરે છે વગેરે બકી જવાશે એ બીકે એ કોઈનીય જોડે કોઈ પણ પ્રકારની વાત છેડતો જ નહીં એને, એની આસપાસ ફરતા માણસોમાં સતત કોઈ ને કોઈ પોલીસ હોવાની શંકા પડતી, અને જ્યારે એમ થતું, એ, હેટ નીચી નમાવીને ત્યાંથી ચાલી નીકળતો આમ તો પોલીસચાકી અહીંથી આઠેક કિલોમીટર દૂર હતી અને અહીંના લોકોને લીધે પોલીસ અહીં ખાસ ડોકાતી નહોતી છેલ્લા થોડાક માસથી એ અહીં હતો પરંતુ પોલીસ આ શેરીમાં ફરકી હોવાનું એણે જાણ્યું નહોતું

અ૦એ ઊભા થઈને બારી ખોલી નાંખી

રાજકુંવરીની હથેલી જેવો રેશમી પવન એને સ્પર્શ્યો

ટેબલ પર જામી ગયેલ ધૂળમાં એણે આંગળીઓ ફેરવી થોડાક આડા અવળા લીસોટા કર્યાં ને અજાણતા જ એણે એનું નામ ધૂળમાં કોર્યું પરંતુ પછી તરત જ એ સમસમી ગયો. સળગતા તેજાબનો રેલો જાણે એની આરપાર વહી ગયો! એણે તરત જ નામને રફે દફે કરી નાખ્યું. કોઈ દાદર ચડી આવે ને એનું નામ વાંચી જાય ને વાત પોલીસ સુધી પહોંચે તો શું થાય એના વિચાર માત્રથી જ એ, એની ભીતર કોકડું વળી ગયો.

પણ આ રીતે લપાઈ છુપાઈને જીવવાથી પણ એ હવે ત્રાસી ગયો હતો. કેટલા બધા માણસો વચ્ચે એ રહેતો હતો છતાં કોઈનીય જોડે એકાદ શબ્દની આપ-લે કરવાનું પણ એનાથી ખાસ બનતું નહોતું. એણે પોતાની ભીતર જ એક અહંને ડુબાડી દીધો હતો અને એ અહંએ હવે તરી નીકળવા ભાખોડિયાં ભરવા માંડ્યાં હતાં. એને ઘણીવાર થતું કે જીવીને અજાણ્યા રહી જવું એના કરતાં મરીને પરિચિત થઈ જવું વધારે સારું હતું પરંતુ ફાંસીની બીકે એનો આ વિચાર સૂકું પાંદડું થઈને ખરી પડતો.

કોઈ જોડે પણ વાત કરવાનો પ્રસંગ એ બને ત્યાં સુધી પાડતો નહીં. હા, મકાન માલિક જોડે એણે મકાન રાખવા બાબતે થોડી વાતો કરી હતી પરંતુ એનો ભય રાખવાનું એને કોઈ કારણ નહોતું. કારણ એની જીભે તો અકથ્યો હતો. એટલે 'બોલવું' શબ્દ પણ એના બોલવાથી ખાસ્સો દૂર હતો.

હોટેલમાં બેરાને ઑર્ડર આપતી વખતે અનિવાર્ય એટલા શબ્દો એ બોલતો ખરો પરંતુ બોલતી વખતે એ શક્ય એટલો અવાજ બદલવાનો પ્રયત્ન કરતો ને નાકની દાંડી સુધી હૅટને નીચે ખેંચી લાવતો. પૈસાની લેવડદેવડ વખતે કે બિલ ચૂકવતી વેળા પણ એ બોલવાનું બને ત્યાં સુધી ટાળતો. અરે! એક વાર તો જમતી વખતે પુલાવમાંથી વંદો નીકળ્યો ને એનું મગજ એવું તો ભમી ગયું કે બેરાને ઊંચકીને બારીમાંથી બહાર ફગાવી દે. પણ પછી વાત વધી પડે ને પોલીસ સુધી લંબાય તો..? આ 'તો?' એ એની ભીતર વળી એક વાર તેજાબ રેલાવી દીધો. જમવાનું અધૂરું છોડીને, કાઉન્ટર પર બિલ ચૂકવીને એ મનમાં ને મનમાં બબડતો બહાર નીકળી આવ્યો.

નામ ફેડવાનું આવે એ બીકે તો એ દવાખાને જવાનુંય ટાળતો. અને જ્યારે માંદગી વધી પડતી ત્યારે એ દવાખાના બદલતો રહેતો. નામ બદલતો રહેતો ને સરનામાં પણ! ક્યાંક સાચું નામ બોલી પડાયું ને કોઈએ એ નામ પોલીસચોકીએ ચિટકાડી દીધું તો? ફાંસીનું લખલખું એની ભીતરથી પસાર થઈ જતું.

અ૦ની આંખ આગળ ફાસીનો માંચડો, હવામાં તરતો ગાળિયો, બાજુમાં ઊભો રહેલ જલ્લાદ...આ બધુ એકાએક ક્ષણમાં જ ઝબક ઝબક થઈને રહી જતું એને ચહેરે પરસેવો વળી જતો, હાથની મુઠ્ઠીઓ વળી જતી.

કેટલા બધા માણસો વચ્ચે તે એકલો હતો, સાવ એકલો આ એકલતા એણે ઊભી કરવી પડી હતી એને હતું કે પોતાનું જગત એ ઊભુ કરી શકશે પરંતુ એને પછી સમજાયું કે બહારના જગતના પોતાની તરફ ખૂલતા દ્વાર બંધ કરવા જતા એનાં ભીતરી જગતનાં બહારની તરફ ખૂલતા દ્વાર પણ બંધ થઈ ગયા હતા એણે પોતાની આસપાસ અપરિચિતતાની એક ખાઈ અજાણતા જ ખોદી લીધી હતી એથી બન્યું હતું એવુ કે કોઈ પાસે આવે એ ભય જરૂર ઘટ્યો હતો પરંતુ કોઈની પાસે જવાની બીક એથી લેશમાત્ર પણ ઓછી થઈ નહોતી

ઘણી વાર એને કોઈની જોડે વાતો કરવાનુ મન થઈ આવતુ. એકામ-પણે એ, ઘરની બહાર નીકળી પણ પડતો પણ પછી ફાંસીના રોગથી પીડાતા મિત્રોના ચહેરા એની આખ આગળ તરફડી પડતા ને એ..

અ૦ બારી પાસે આવ્યો

ઘોડો માથુ હલાવી, મોઢામા ઘાસ ભરીને, ચામડી થથરાવતો ઊભો હતો પોસ્ટના લાલ ડબ્બા તરફ એણે જોયું ભાગતી સાંજે જૂની કટાયેલી સાઇકલ પર ટપાલ કાઢવા આવતા પોસ્ટમૅનની એણે કલ્પના કરી એને આવવાને હજી વાર હતી, એ આવતો ને હમેશની જેમ ડાબાજમણી માથું ધુણાવતો, ઘંટડી ખખડાવતો ને થેલો બગલમા મારી સાઇકલના સ્ટૅન્ડ પર ગોઠવતો ને અ૦એ મોઢું અંદર લીધુ.

એકાએક એને શુ સૂઝ્યુ તે એણે પલંગ નીચેથી જૂની ટ્રંક બહાર ખેચી કાઢી, ઠન્ન્ અવાજ સાથે ઉપલુ ઢાકણુ ફર્શ પર પછડાયુ અસંખ્ય કાગળો બહાર કૂદી પડ્યા, અ૦ની આખીય ટ્રંક કાગળોથી છલકાતી હતી એણે એક પછી એક પત્રો વાચવા માડ્યા વાચતો ગયો ને બારી બહાર ફગાવતો ગયો આ એ પત્રો હતા જે આજ દિન સુધી કોઈ ને પણ એ પોસ્ટ કરી શક્યો ન હતો, કારણ, જેમને એણે આ પત્રો લખ્યા હતા એમાંના કોઈ પણ, ક્યારેય પણ, આ જગતમા અસ્તિત્વ ધરાવતા નહોતા એણે કલ્પનાનો પોતીકો સંસાર રચી કાઢ્યો હતો આ બધા પત્રો એણે કદીય મૂર્ત ન થનાર એવા પેલા કાલ્પનિક પાત્રોને લખ્યા હતા

એને પત્ર લખવાનુ ખૂબ જ ગમતુ પરંતુ કોઈને પણ પત્ર દ્વારા પોતાનુ કરી શકાય એવુ કોઈ કહેતા કોઈ એનું હતુ જ નહી એટલે બાપ, નાનપણમા જ મરી ગયો હતો મા કહેતી હતી કે દેવું થઈ જવાને કારણે એના બાપે

આત્મહત્યા કરી લીધી હતી ને માએ પણ એને અનાથાશ્રમમાં ધકેલી દઈને નાતરું કરી લીધું હતું. અ૦ને જ્યારે પણ આ વાતની ખબર પડી, મા પ્રત્યે એનો જીવ ઊઠી ગયો. અ૦ એકલો એકલો નદીકાંઠે છીપલાં વીણતો રહેતો અને ભીની રેતી પર આંગળીઓ ફેરવી ફેરવીને મા-બાપ વિશેનાં આદર્શોને પંપાળ્યા કરતો. સ્વપ્નમાં પણ એને ચેન પડતું નહીં. એકાદ ગ્રન્થ પર માથું ઢાળીને જે કંઈ પણ મનમાં આવે તે એ, નોટબુકમાં દોર્યા કરતો.

એમ દોરતાં દોરતાં એ લખતો થઈ ગયો. એણે પત્રો લખવાનું વિચાર્યું, પરંતુ કોને લખવા એ અંગે એ મૂંઝાતો હતો. કારણ, સગુંવહાલું તો કોઈ એવું હતું નહીં. મા, હતી પરંતુ એય બીજે ઘરણી કરીને ગોઠવાઈ ગઈ હતી. મિત્રો હતા. એ રોજ પત્રો લખતો. મિત્રો પણ એની એકધારી પત્રધારાથી પછી તો થાક્યા, એમણે જવાબો આપવાનું ટાળ્યું, પરંતુ એણે લખવાનું ટાળ્યું નહીં. પત્ર લખવાનું આમ તો બંધ પડવું જોઈતું હતું. પરંતુ એમ ન થતાં એમાં ઘોડાપૂર આવ્યું. સાકાર થવા મથતી કલ્પનાએ એને એક સંસાર રચી આપ્યો. એણે કાલ્પનિક મા-બાપ, ભાઈભાંડુ, મિત્રો વગેરે જન્માવ્યાં. એમને પત્રો વડે દેહ આપ્યો. ગમા અણગમા આપ્યા ને ધીમે ધીમે કહાની ગઈ—જામતી ગઈ—પત્રોથી! એણે એટલા બધા પત્રો લખ્યા કે એની આંગળીઓ કાગળ પર ઘસાઈ ઘસાઈને રાખની જેમ ખરી પડતી હોય એવું જ કંઈક થયું. અ૦ સ્નાયુપિત્તનો(?) શિકાર થઈ પડ્યો.

અંગૂઠો, પેન પકડી રાખવાને કારણે, ઉપરના ભાગે સહેજ ચપટો થઈ ગયો.

અ૦ પત્રો લખી લખીને પણ હવે ત્રાસી ગયો હતો. એને થતું, આટલા બધા સગામાં છતાં પોતાને માટે તો આ જગત એક મોટું મીંડું જ ને! દરિયાના પાણી જેવું જ ને! જે કોઈ શખ્સ પણ પી ન શકાય! વાસ્તવ જીવનમાં તો એવું કોઈ જ નહીં ને જેને આ પત્રાગેની(?) આંગળીઓથી એકાદ પત્ર લખીને આત્મીય કરી લઈ શકાય!

*

અહીં આવ્યા પછી ઘણા વખતે એક દિવસ અ૦એ મકાન પાછળના વગડામાં ચરતા એક હરણાને જોયું. હરણ જોવાનું એને ગમતું. કદર ઉમંગી(?) એ નજીક જવા ગયો ત્યાં જ એ તો ભડક્યું.

અ૦ ઝોળો લઈને એની પાછળ પડી ગયો.

હરણ જંગલમાં ઊંડે ને ઊંડે ખૂંપતું ગયું, સાંજ સુધી એ પીછો(?) ભટકાવતો રહ્યો પરંતુ હરણું જોવા ન મળ્યું.

અ૦ની આંખ આગળ ફાસીનો માચડો, હવામા લટકતો ગાળિયો, બાજુમા ઊભો રહેલ જલ્લાદ. આ બધુ એકાદ ક્ષણમા જ ઝબક ઝબક થઈને રહી જતુ એને ચહેરે પરસેવો વળી જતો, હાથની મુઠ્ઠીઓ વળી જતી.

કેટલા બધા માણસો વચ્ચે તે એકલો હતો, સાવ એકલો આ એકલતા એણે ઊભી કરવી પડી હતી એને હતું કે પોતાનુ જગત એ ઊભુ કરી શકશે પરંતુ એને પછી સમજાયુ કે બહારના જગતના પોતાની તરફ ખૂલતા દ્વાર બધ કરતા જતા એનાં ભીતરી જગતનાં બહારની તરફ ખૂલતા દ્વાર પણ બધ થઈ ગયા હતાં એણે પોતાની આસપાસ અપરિચિતતાની એક ખાઈ અજાણતા જ ખોદી લીધી હતી એથી બન્યુ હતુ એવુ કે કોઈ પાસે આવે એ ભય જરૂર ઘટ્યો હતો પરતુ કોઈની પાસે જવાની બીક એથી લેશમાત્ર પણ ઓછી થઈ નહોતી

ઘણી વાર એને કોઈની જોડે વાતો કરવાનુ મન થઈ આવતુ બેફામપણે એ, ઘરની બહાર નીકળી પણ પડતો પણ પછી ફાસીના રોગથી પીડાતા મિત્રોના ચહેરા એની આખ આગળ તરફડી પડતા ને એ ..

અ૦ બારી પાસે આવ્યો.

ઘોડો માથુ હલાવતો, મોઢામાં ઘાસ ભરીને, ચામડી થથરાવતો ઊભો હતો પોસ્ટના લાલ ડબ્બા તરફ એણે જોયું ભાગતી સાંજે જૂની કટાયેલી સાઇકલ પર ટપાલ કાઢવા આવતા પોસ્ટમેનની એણે કલ્પના કરી એને આવવાને હજી વાર હતી, એ આવતો ને હમેશની જેમ ડાબાજમણી માથુ ધુણાવતો, ઘંટડી ખખડાવતો ને થેલો બગલમા મારી સાઇકલના સ્ટેન્ડ પર ગોઠવતો ને. અ૦એ મોઢુ અદર લીધુ

એકાએક એને શુ સૂઝયુ તે એણે પલગ નીચેથી જૂની ટ્રંક બહાર ખેચી કાઢી, ઠનન... અવાજે સાથે ઉપલુ ઢાકણુ ફર્શ પર પછડાયુ સંખ્યાબધ કાગળો બહાર ફરી પડયા, અ૦ની આખીય ટ્રંક કાગળોથી છલકાતી હતી એણે એક પછી એક પત્રો વાચવા માંડયા વાચતો ગયો ને બારી બહાર ફગાવતો ગયો આ એ પત્રો હતા જે આજ દિન સુધી કોઈ ને પણ એ પોસ્ટ કરી શકયો ન હતો, કારણ, જેમને એણે આ પત્રો લખ્યા હતા એમાંના કોઈ પણ, ક્યારેય પણ, આ જગતમા અસ્તિત્વ ધરાવતા નહોતા એણે કલ્પનાનો પોતીકો સસાર રચી કાઢયો હતો. આ બધા પત્રો એણે કદીય મૂર્ત ન થનાર એવા પેલા કાલ્પનિક પાત્રોને લખ્યા હતા

એને પત્ર લખવાનુ ખૂબ જ ગમતુ પરતુ કોઈને પણ પત્ર દ્વારા પોતાનુ કરી શકાય એવું કોઈ કહેતા કોઈ એનુ હતુ જ નહી એટલે બાપ, નાનપણમા જ મરી ગયો હતો મા કહેતી હતી કે દેવુ થઈ જવાને કારણે એના બાપે

આત્મહત્યા કરી લીધી હતી ને માએ પણ એને અનાથાશ્રમમાં ધકેલી દઈને નાતરુ કરી લીધુ હતું અ૦ને જ્યારે પણ આ વાતની ખબર પડી, મા પરથી એનો જીવ ઊઠી ગયો અ૦ એકલો એકલો નદીકાંઠે છીપલા વીણતો રહેતો અને ભીની રેતી પર આંગળીઓ ફેરવી ફેરવીને મા બાપ વગેરેના આકારોને પંપાળ્યા કરતો સ્કૂલમાં પણ એને ચેન પડતુ નહી એકાદ બેન્ચ પર માથુ ઢાળીને જે કંઈ પણ મનમા આવે તે એ, નોટબુકમા દોર્યા કરતો.

એમ દોરતા દોરતા એ લખતો થઈ ગયો એણે પત્રો લખવાનું વિચાર્યું, પરંતુ કોને લખવા એ અંગે એ મૂંઝાતો હતો કારણ, સગુવહાલુ તો કોઈ એનુ હતુ નહી મા, હતી પરંતુ એય બીજે ધણી કરીને ગોઠવાઈ ગઈ હતી મિત્રો હતા એ રોજ પત્રો લખતો મિત્રો પણ એની એકધારી પત્રધારાથી પછી તો ત્રાસ્યા, એમણે જવાબો આપવાનુ ટાળ્યુ, પરંતુ એણે લખવાનુ ટાળ્યુ નહી પત્ર લખવાનુ આમ તો બંધ પડવુ જોઈતુ હતુ પરંતુ એમ ન થતા એમાં ઘોડાપૂર આવ્યુ સાકાર થવા મથતી કલ્પનાએ એને એક સંસાર રચી આપ્યો એણે કાલ્પનિક મા-બાપ, ભાઈભાંડુ, મિત્રો વગેરે જન્માવ્યા એમને પત્રો વડે દેહ આપ્યો ગમા અણગમા આપ્યા ને ટૂંક ધીમે ધીમે કંડારાતી ગઈ—ઉપસાતી ગઈ—પત્રોથી! એણે એટલા બધા પત્રો લખ્યા કે એની આંગળીઓ કાગળ પર ઘસાઈ ઘસાઈને રાખની જેમ ખરી પડતી હોય એવુ જ કંઈક થયું અ૦ રક્તપિત્તનો શિકાર થઈ પડ્યો

અંગૂઠો, પેન પકડી રાખવાને કારણે, ઉપરના ભાગે સહેજ ચપટો થઈ ગયો

અ૦ પત્રો લખી લખીને પણ હવે ત્રાસી ગયો હતો. એને થતુ, આટલા બધા માણસો છતા પોતાને માટે તો આ જગત એક મોટુ મીંડુ જ ને! દરિયાના પાણી જેવુ જ ને! જે જોઈ શકાય પણ પી ન શકાય! વાસ્તવ જગતમા તો એવુ કોઈ જ નહી ને જેને આ ખવાયેલી આંગળીઓથી એકાદ પત્ર લખીને આત્મીય કરી લઈ શકાય!

*

અહી આવ્યા પછી ઘણા વખતે એક દિવસ અ૦એ મકાન પાછળના વરંડા પર આવી ચડેલ એક હરણને જોયુ હરણ જોવાનુ એને ગમતુ. મગર ઊંનગી એ નજીક જવા ગયો ત્યા જ એ તો છટક્યુ

અ૦ ઘોડો લઈને એની પાછળ પડી ગયો.

હરણ જંગલમા ઊંડે ને ઊંડે ખૂંપતુ ગયું, સાંજ સુધી એ ઘોડો તગડાવતો રહ્યો પરંતુ હરણ જોવા ન મળ્યુ

એ વાત એને અત્યારે યાદ આવી ગઈ થયુ, એકાદ હરણને મત્ર જોઈ લેવા માટે પણ જો આખું જગલ ફેદી નાખવાનુ ઓછુ પડતુ હોય તો માણમે, માણમને પામવા માટે જિંદગી ફેદી નાખવાનો ઝાઝો અફસોસ કરવા જેવો નથી

પરતુ આવી, મરવા જેવી જિંદગી, ફેંદી નાખવાથીય શું વળવાનું હતુ? એને માટે જિંદગી શુ હતી? એક સતત તોળાયેલો ભય કે બીજુ કઈ? અડધી રાત્રે બીકનો માર્યો ક્યારેક એ ચીખી ઊઠતો તો પોતાને માથે કોઈ હાથ ફેરવનારુ ય નથી એ વાતે એ રડી ઊઠતો પણ પછી? રખેને કોઈ અડધી રાત્રે પોતાને રડતો સાભળીને ઉપર ચડી આવે ને પૂછપરછ વધતા વાત પોલીસ સુધી લબાય તો? એણે ડૂમકાને ડૂચા મારી દેવા પડતા

પોતાનાથી જ ભાગી ભાગીને અ૦ હવે થાકી ગયો હતો માત્ર આગળીઓ જ નહોતી ખરી, એ પણ ક્યાક ક્યાકથી ખરી ગયો હતો

એકાએક એ બારી સુધી ધસી આવ્યો ઘોડાએ હાવળ નાખી હતી ઘોડો આગલા બે પગ ઊચકીને ઊછળતો હતો અ૦ સમજી ગયો એણે છૂટી જવુ હતું એના આ બધા ઉધામા હતા છૂટવુ કઈ સહેલુ થોડુ જ છે—અ૦ મનોમન બબડયો એની નજર સામેના થડ પર ઝૂલતા પોસ્ટના લાલ ડબ્બા પર પડી ડબ્બો હતો કે માચડા પર ઝૂલી પડેલી કોઈ ગરદન? અ૦ને પ્રશ્ન થયો અચાનક શું સૂઝ્યુ તે એણે ફરના કોટમાં ભેરવેલ પેન બહાર ખેચી કાઢી, ડ્રૉઅરમાથી પૅડ ઊચકીને ટેબલ પર પછાડયુ—ને ખવાયેલી આગળીઓ વડે વાકાચૂકા અક્ષરોમા એણે કઈક લખવા માડયું

પત્ર પૂરો કરી, ગડી વાળી, એણે કવર કાઢયુ. સરનામું કર્યું પત્ર મૂકી, થૂક લગાડી એણે કવર બીડયુ વિચાર બદલાય એ પહેલા એ દાદર ધધડાવતો રસ્તા પર આવી ગયો

એક ક્ષણ માટે તો એની ભીતર જબરી ગડમથલ થઈ ગઈ એને રસ્સી વડે બાધીને બેઉ છેડેથી કોઈ પૂરી તાકાતે ખેચી ખેચીને ચૂથી રહ્યું હોય એવુ એને લાગ્યુ. પૂરી મક્કમતા સાથે એ ડબ્બા પાસે આવ્યો કવર પર એણે મમતાથી ઠૂઠી આંગળીઓ ફેરવી અને પછી પોતાના સમગ્ર અસ્તિત્વને ડબ્બામા નાખતો હોય એમ એણે કવર અદર સરકાવી દીધુ એને લાગ્યુ કે જાણે એક ચહેરો જ અદર સરકી ગયો હતો પોતાને લીધા વગર જ જાણે પાછો ફરતો હોય એવી લાગણી એને થઈ ઘોડાની તગતગતી પીઠ પાસે એ આવ્યો. પીઠ સહેજ થપથપાવીને એણે ખૂટેથી લગામ છોડી નાખી.

ઘણા વખતે કોઈ સજ્જન વ્યક્તિને પત્ર લખવાની ઇચ્છા આજે બર આવી હતી એના ચહેરા પર સંતોષની રેખાઓ ઝળકતી હતી

એટલામાં પોસ્ટમેન આવ્યો ને ડબ્બો ખાલી કરી, કોથળો ખભે લટકાવી ઘોડાની જેમ ડોકું ડાબાજમણી ઝુલાવતો, ઘંટડી રણકાવતો હંમેશની ઉતાવળે ચાલ્યો ગયો

ઘોડો ધીમે ધીમે રોગીને નાકે પહોંચ્યો ને વળી એક હાવળ નાખી જંગલની દિશા તરફ વળી ગયો

એકાએક એણે યાદ કરવા પ્રયત્ન કર્યો કે કવર પરનું સરનામું સાચું હતું કે કેમ? સાચું હતું એકદમ મગના જેવી નિરાંત એણે અનુભવી ને હાથ ઉપર ખેંચી, એક બીજામાં ભેરવી, મોટું બગાસું એણે ખાધું એણે ધાર્યું હોત તો એ સીધો જ પોલીસચોકીએ હાજર થઈ શક્યો હોત પરંતુ એમ કરવા જતાં કોઈ સજ્જન વ્યક્તિને પત્ર લખવાની ઇચ્છા બર ન આવી હોત એટલે જ એણે ઇન્સ્પેક્ટરને પત્ર લખીને .

એકાએક એની નજર સામેના ફૂટપાથ પરથી પસાર થતી એક અજાણી યુવતી પર પડી એ ઝડપભેર દોડ્યો ને એને જોયા વગર જ બંદૂકની ગોળી જેવા અવાજે એણે પૂછ્યું – તું મને પત્રો લખીશ? હું ખૂની છું તું મને પત્રો લખીશ?

પેલી યુવતીએ ચહેરો ફેરવીને એની સામે જોયું અને પત્રો લખવા જ કર્યું.

એણે આકાશ તરફ જોયું તો આથમતા સૂર્યનાં નારંગીલાલ કિરણો વાદળો ફોડી ફોડીને વેરાઈ જઈ રહ્યાં હતાં

વાદળો વરસ્યા વિના જ પસાર થઈ રહ્યાં હતાં.

□

## વણયોજાયેલા છંદોનું નિવેદન | ભાનુપ્રસાદ પંડ્યા

કોઈ તીર દાજના ભાથામાંથી
સંધાન થતાં રહી ગયેલાં
અમે વણસ્પર્શાયેલાં તીર,
એક વાર લઈને અમને કોઈ
ચડાવી તો જુએ શબ્દકમાને,
ચૂકીએ ના લક્ષ્ય લગીર!
કે કેટલાય સમયથી પડ્યાં
ગૂંચળાં વળેલાં આ અંગ,
આવીને અડકી તો જુએ
અમને કોઈ કવિ-ગારુડી,
ફૂત્કારથી ઊંચી થાય ફેણ
અને ગતિ મહીં ભાળશે ભુજંગ!
નહીં અમે ઊપમીએ
થઈ માત્ર ઉર-ઊંડાં
આંદોલનો તણી છાપ!
પ્રોવાઈ જવું નથી પ્રાસ!
લાગણીઓ આવી જુએ સમીપ.
કદીય ન વિસરાય એવો
રમાડી દઈએ રાસ!
ખૂણે પડી રહી બે ચાર
અવાવરુ ઘરની વાંસળીઓ શા અમો
શોધીએ થોડી સબળી ફૂંક
અને નાચતી આંગળીઓ
કદાચ આજે નહીં તો કાલે
અમને શોધતો આવશે
અમારો કોઈ શબ્દ અચૂક!

## બે કાવ્ય | સ્નેહરશ્મિ

### ૧ ક્ષિતિજે લંબાવ્યો હાથ!

આવી વેળા, સુણાય વેગ
મંદિર કેરા ઘંટાનાદ
સાંજે વળતાં પંખીઓની
આભમહીં ઘૂંટાતી યાદ!

અનન્તમાં જાય સમાતી
વહાણોની લંબાતી હાર,
શાન્તિને રણની દોડાવે
વહી જતી ગાતી વણજાર!

ઝૂમી મૌને અમીટ ઊભા
જોગી જેવા નીલા પહાડ,
વસુન્ધરાની ઊર્મિ જેવા
માર્ગે માર્ગે લીલાં ઝાડ!

દૂર દૂરથી જોઈ રહેલી,
ક્ષિતિજે તે લંબાવ્યો હાથ –
અંતર બાકી રહી હવે ક્યાં?
આ તો અનન્તનો સંગાથ!

### ૨. હાયકુ*

૧

નદીએ ગેલી
ફંગોળી કેડી ઊંચી
ડુંગરધારે

૨

કાન્ત ખૂંદ્યો;
લીલા વાસમાં પગે
અહો! તાજગી!

૩

સાત દિવસે
તડકો · પકડ-દાવે
રમે બાળકો

૪

તરતાં એકે
વાડી લીલી જળ
ઊતર્યું વ્યોમમાં

૫

જૂનું દેવળ.
વામી પૂજાપો: કેવી
પારેવાં કરે

* ટૂંક સમયમાં બહાર પડનાર લેખકના હાઈકુસંગ્રહ ‘કેવળ બીજ’માંથી

## વૈશાખી બપોરે | ઉશનસ્

સીમાડે નિભાડા થકી સળગતું ઓયણું લઈ
બપોરી દોડે છે અહર, બળતી ચાળ ઊચની
ઊભી વાટે વસ્તી ભણી — શરીર આખે બળીજળી
ટૂંપાની છાયાઓ પથરુની—ય ભાય જ નહીં —
ભરાયેલી આગે, ધમણ સરખી શ્વાસની ગતી,
— રહે પાણી પાણી કરતી તરસી ધાય મૃગવી;
અરે, વસ્તીમાં તો — ઉનથી ચૂનમાં બાપડી પડી,
તપેની ચપાતી અથમ સરખી દીપ્તસ્વના
અમોના ગેગીઓ, ટડક મડકો — કયાય ન ગડી —
ઊની ઓધામોગી ભીતર, ઘરની કજૂસ કના,

ફરે છાયા છાયા કરતું અહીં હો આશ્રયવણ
થતું હાડેહાડે ધરવી વગ હો અરવ કરુણ,
નમ્યો જાણે આખો સમય કઈ ગાયાની તરફે,
ક્રમ્યો થોડો આજો ધરતૃપિત માયાની તરફે

૨૯-૩-'૮૨

## ? | ઉશનસ્

સમુખ કોઈ પડઘે જ અપારદર્શક
ઓ પારનું કશુંય ગમ્ય ન, દૃશ્ય વાચ્ય ના,
આ બાજુ સૌ અટકો જ, હજાર પ્રશ્ન લૈ
ઊભો હું આ અજુર ટેવગી કર્મમૂઢ
માનું અગમ્યનું કઈ સદીઓથી ફેદતો,
પામી શક્યો કશું ન નક્કર દામ્ય યા અમુ
હું એ નિગૂઢ રહસ્ય, કે સમજાય એવા
આવ્યો મનુષ્યત્વમાં, વીરમી મનીના
એજે વળી કશીક ગક્ષની વાસના વડે
તોતિંગ તન વળી યંત્ર રચ્યાં સુસ્કૃત
એવા જ ઈશ્વરસમા અપ્રાપ્ય ચિત્તથી,
હું આજી સુધ હજી પૂર્ણ શકું ન તનને,
મારે પ્રીતિની ફરિયાદ, કહું હું અધને?
મોભાનું મર્મસ્થળ હીન નથી કમધને?

૨૭-૬-'૮૨

# અર્થાત્ | મહેશ દવે

આકાશમાં તરતી સમળી
ભફાંગ
નીચે પટકાતી જો હોય ..
રસ્તા પર ક્યાં અકસ્માત નથી થતો!
અચાનક તમને દગો દઈશ
તો શા માટે ખરાબ માણસ હોઈશ!
આંખમાં આંસુ આવે છે
માટે તો – હે, સખી – મઝા આવે છે
જરાક આમ તો માથું દુ:ખે છે
નાનું કે મોટું ઑપરેશન, રજનીગંધા ફૂલ.
ટમેટામાં ઈયળ ન પણ હોય
લોહીમાં આલ્કોહોલ વધી જવાની વકી હોય
બધી વાત જ ખોટી રોટીના ગુલામ!
એટલે તો ચમનમાં ગુલ
એટલે તો ચમન ચોટીના મોંઘેરા મૂલ
અર્થાત્
ભૂમિતિ જાણતા ચમનની....
ટીની પાછળ રહી જતી ઈ એટલે?
ઈથી શરૂ થતા શબ્દોની વાત જ જવા દો ને!
ઈના બાદશાહ!
ફરી પાછું બરણીમાંથી અથાણું કાઢવાનું
કે માયુ—ઈ સઘળુ ખોટું
સાચું આ તમે છો ને હું છું
તેઓ છે તે તો બહુ ખોટું, બાદશાહ!
ભાવભીનાં
રસભીના
ભોજન મૂકી જોજન દૂર
આ પાઉંરોટી અને ચા ખા
ખાટલામાં સૂઈ જા
જાગીને જોયા કર જે દિમે
જે દિમે નહી તે તે ..

# પગલી રાનીનું પ્રણયકાવ્ય

## મેઘનાદ હ ભટ્ટ

### એક સંગીતકાવ્ય

[કાવ્યપાનમાં અવાજો, સૂત્રધાર, પગલીરાણી, પગલારાજા અને પાર્શ્વ સંગીતની અપેક્ષા]

અવાજ-૧ :

એક હતી છોકરી ને એક હતો છોકરો બન્નેના સપનાની વાત આ
પૂછો ના તોય આજ એટલું કહીશ કે સપનાની વારતાને નાત ના
સાવ રે ફટાકડી એ છોકરી હતી ને એની ધાધરીનો નવ વારી છેડો
ભ્રમણાની દુનિયામાં ભૂલી પડી'તી એ, એનો સપનાએ મૂક્યો ના કેડો.

અવાજ-૨ :

અફવા એક ગામ છે, ડાહ્યાનું ધામ છે, પારકી પંચાત એના ગામ છે
સુઓ તો અફવા ત્યાં, રુઓ તો અફવા ત્યાં, અફવા એ અફવાનું નામ છે
અફવા એ ગામમાં આવી એક 'ઘટના' ને ઉમટ્યા ત્યાં અફવાના અધધ ટોળાં
ઘટના તો ઘટના—ના વધતી ના ઘટતી—ને અફવાના ટોળાના સાવ
છેક ભોળાં !

સૂત્રધાર ,

પગલી રાની, ઓ પગલી રાની
'રી સૂણતી તો કે ન તું પગલી રાની ?
જંગલમાં પકડી'તી તેં આગિયાની
કે વરસ્યા'તા ખારે મેઘ તારા ગામમાં, પગલી રાણી ?
પગલી રાણી
તને મોઢમાં માર્યો 'તો સાવ તારા પગલા રાજાએ ?
કે કેવડિયાનો વાગ્યો'તો તને કાંટો ?

પાર્શ્વસંગીત

કૌન કરી તકરાર અરી ઓ દુલ્હા રાજા ?
કૌન કરી ઇકરાર અરી ઓ ધન્નો રાની ?

સૂત્રધાર

પગલી રાણી, ઓ પગલી રાણી
જાને છે તું ઓ પગલી રાણી ?
અહીંના લોકો તમારા સગપણનો સરવાળો માંડે છે
તમારા સંબંધને સમીકરણમાં સીમાબદ્ધ કરે છે

પગલી રાણી :

એ લોકો શું જાણે
કે સબંધના બંધનમાં જકડાય,
કે કામનાના કબંધમાં કચડાય

એવો આ સબંધ જ નથી

પગલા રાજા

દરિયાની માછલી અને દરિયા વચ્ચે કશો સબંધ હશે, પગલી રાણી?
આકાશના તારા અને રાતના આકાશ વચ્ચેય કશો સબંધ તો હશે જ ને
પગલી રાણી?

સૂત્રધાર :

પણ ..
દરિયો, માછલી, આકાશ, રાત, તારા
એ બધાના સબંધની તો આ લોકોને પડી જ નથી જાણે, પગલી રાણી!
...તો
તમારા સબંધની કેમ આ લોકો આટલી ચિંતા કરતા હશે, પગલી રાણી?

પાર્શ્વ ગીત :

કૌન કરી તકરાર અરી ઓ પગલા રાજા?
કૌન કરી ઇકરાર અરી પગલી રાની?

સૂત્રધાર :

પગલી રાણી, ઓ પગલી રાણી
કહી દઉં આ લોકોને
તારા ફક્કડ પેના ફતવાની વાત?

પગલી રાણી :

કહે રાત કિ હમ પર કયા ગુજરી?

સૂત્રધાર

વાત જાણે એવી
રાતભર નહીં સૂતા જે
એ પગલી રાણી
સવાર થઈ નહીં ઊઠયા જે
એ પગલી રાણી?
સવાર થઈ નહીં ઊઠયા જે
એ પગલી રાણી?

**અવાજો ૧-૨ .**

પગલી રાણી   પગલી રાણી   પગલી રાણી
ઊઠ્યા ?
ઊઠ્યા ?
હા, ઊઠ્યા
અત્તરના એક સોવર માંહે ફૂલ ફટાક થૈ નાહ્યા-ધોયા બેઠ્યા .
બેઠ્યા ..
. ભડો ભરી દરબાર બેઠ્યા પગલા રાણી – બોલ્યા રાણી પગલી

**પગલીરાણી.**

લાવી દો 'કો પગલા રાજન, લાવી દો 'કો રાજન
બજવી દો 'કો વાજાં
'ને લાવી દો 'કો રાજન
લાવી દો મહારાજા
લાવી દો 'કો પગલા રાજા – ફટાક ફાંકડા રાજા – રાણા બન બન રાજા
ફટાક બન તુ રાજા !
સપનાના મહારાજા ઓ સપનાના મહારાજા !

**પાર્શ્વ ગીત.**

કૌન કરી તકરાર અરી ઓ દુલ્હા રાજા ?
કૌન કરી ધકરાર અરી ઓ ધન્નો રાની ?

**સૂત્રધાર.**

કૌન દેશ ગયો સાવરિયો ?
પરદેશ ગયો સાવરિયો ?
અહીં ગયા સૌ ત્યહીં ગયા ઓ
પગલા પગલા રાજન
દૂર ગયા બહુ દૂર ગયા સૌ
પગલી પગલી રાણી
દેશ ભયો વિદેશ ભયો

**પગલી રાણી.**

ક્યાં ખોવાયો સાવરિયો ?

**અવાજો ૧-૬ .**

સાજ સજ્યા, પખવાજ બજ્યા '
'કોઈ પગલા રાજન લાવો
કોઈ પગલા રાજન લાવો !'
x x

પગલી રાણી, પગલી રાણી, આખ્યુ આ શો ફરકે ?
માન ભૂલ્યા સૌ ભાન ભૂલ્યા
શુ પગલી રાણી મરશે ?

પગલા રાજા :
નહી પગલી રાણી મરશે નહી પગલી રાણી મરશે

અવાજો ૧-૨ :
મરશે ?
...મરશે ?
નહી પગલી રાણી મરશે !

પાર્શ્વસંગીત
કૌન કરી તકરાર અરી ઓ પગલા રાજા ?
કૌન કરી ઇકરાર અરી ઓ પગલી રાણી ?

સૂત્રધાર :
દોડા પગલા રાજા ફરકે
ફરકે દોડા રાજા પગલા

પગલા રાજા :
કહે હાલ કિ હમ પર ક્યા ગુજરી ?
× ×
દેશ ઘૂમ્યો, વિદેશ ઘૂમ્યો, બહુ પગલી રાણી ઢૂંઢયો
પગલી રાણી મીલી મીલે નહીં
(મૈં) જીકે અબ ક્યા કરકે ?
ક્યા જીકે અબ મૈં મરકે ?

સૂત્રધાર :
પવન આ કે કાનમેં કહે
'પગલી રાણી ઊઠો, પગલી રાણી ઊઠો
પગલો રાજા આજ આયો છે
આજ હવે ના રહો, આજ હવે ના રહો'

પાર્શ્વસંગીત :
કૌન કરી તકરાર અરી ઓ દુલ્લા રાજા ?
કૌન કરી ઇકરાર અરી ઓ ધન્નો રાની ?

અવાજો ૧-૨ :
પગલી રાણી, પગલા રાજા
પગલા પગલા રાજા પગલી પગલી રાણી

એક બીજામા ભાન ભૂલે ને એકબીજામાં ઝૂમે
મીનપિયાસી જગનાં લોકો પ્યાસ સાગરમા ઘૂમે
પ્યાસ સાગરમા ડૂબે

પગલી રાણી, પગલા રાજા
એક બીજામાં ઝૂમે, એક બીજામા ઝૂમે
દેખણહારા દાઝતા ડૂબે
ડૂબતા દાઝે
દાઝતા ડૂબે
ડૂબતા દાઝે
પગલી રાણી ઝૂમે પગલા રાજા ઝૂમે
પગલી રાણી ઝૂમે પગલા રાજા ઝૂમે

**પ્રશંસા ગીત.**

કૌન કરી તકરાર અરી ઓ પગલા રાજા?
કૌન કરી ઇકરાર અરી ઓ પગલી રાની?

[ કોરસ ]

આટલો ઊંડો દરિયો પાસે આટલી બધી રેતી
કેમ કરીને ગોપવી વાતું ભાનભૂલી જે વ્હેતી?
ભેખડ ઊંચી એક ને ઉપર ગલ બે ઘેલા બેઠા
રામજીનો જો સાથ મળે તો કોણ કરે એને હેઠા?
પાસમા ઊડે કાગડા, કરે કાજળ કાળી વાતે
દરિયાની જે લ્હેર વહે એને વાત સાથે ના નાતો
ગલ બે ઘેના સાત રે ઘેળા, સપના જુએ ભેગા
કાજળ કાળી વાતના એને નહી કો અડે ઓળા
દરિયાની એક લ્હેરથી થાતા ગત ભોળાં એ ભીના
એક બીજાની પાસમા પૂરે એક બીજાની હીના
લોકને ભૂલી, કાજળ કાળી વાતને ભૂલી, ગલ ઘેલા એ બેઠાં
એક બીજામાં ભાન ભૂલે જે કોણ કરે એને હેઠાં!

□

# રાવજીકૃત 'ઠાગાઠૈયા'

## તેનાં વિરોધી અર્થતંત્રો અને પર્યાયોક્તિઓ

હરિવલ્લભ ભાયાણી

ઠાગાઠૈયા

ઠાગાઠૈયા ભલે કરે રામ!
આપણે તો અવળત–શરબત પીવું મેલ્યું
ભલે મારું નિર્વાણ પીડી જાય!
ભલે મને મળે નહીં ખાવું બેટરું ભરી ધાન.
દામદામ પેઢીઓની ગીચતાને
મારે નથી શણગાર પ્હેરાવવા,
એની પર ખીજડા છો ઊગ્યા કરે;
સુગરીઓ ભલે બાંધે ઘર, ભલે રેલ્યુંટ ભર્યા કરે।
આપણે શા કાક
કવિતાને ઘર શું ને કરવા શા ઘાટ!
કવિતાને મોગરાની ખપે બસ વાસ
દામદામ સાહ્યબી મારે મન ફેંફદતા પડદા—
ફેંફડતી ભીંત
મારે મન હમેશનાં હવડ કમાડ
ઘટમાળ–બટમાળ કશું નહીં
સાહ્યબીનો મ્હોરો હવે સૂર્ય નહીં—
સૂર્ય હવે છાબનું અડાયું મારે મન
મારે મન કવિતાની સાહ્યબીનો સૂરજ હજાર.
ઓરડામાં પડેલો આ અંધકાર ઊંચકું હું કેમ?
તમારે કહો મારા નિજત્વને ફેંકી દઉં કેમ?
મને તો ઘણુંય થાય
નજીક બેસાડી તારા ઘરને હું કવિતાની જેમ
કરો અર્થ દઉં,
લાગી રૈયાને કવિતાની ગંધ દઉં.
કિન્તુ વ્યર્થ
તમારે તો સાબુસીનો કરવો છે અર્થ.
હું તો માત્ર કવિતાઈ રજુનો પ્રલંબ પટ
કેવળ વેરાઈ જાઉં પ્રભુની જેમ.
પણ તમારે તો દરિયાનો કરવો છે અર્થ.
હું તો માત્ર
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર
હું તો માત્ર
કવિ

૩૪ હું તો માત્ર
૩૫ ઓરડામાં સબડતુ આદિ મમી
૩૬ હું તો માત્ર
૩૭ ભૂખથી રિબાતું મારું વલ્લવપુરા ગામ
૩૮ હું તો માત્ર
૩૯ ખાલીખમ નિઃસહાય છું
૪૦ પણ તમારે તો ગણિતના મનોયત્ન ગણવા છે
૪૧ મારી પાસે નથી એ ગણિત
૪૨ મારી પાસે નથી એનો અર્થ
૪૩ મારી પાસે કવિતાનો નથી કશો નર્થ

રાવજી પટેલ

૧

આ કાવ્યનો મૂળભૂત ભાવ છે કવિતા એ જ એક મૂલ્ય, કવિતાની જ સાચી સાર્થકતા – એટલે કે કવિની કવિ લેખેની દૃષ્ટિ, અનુભૂતિ, પ્રવૃત્તિની જ અર્થવત્તા કવિતાની આ અર્થવત્તાને તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ, વ્યવહારુ ઉપયોગવાદ – એ સૌની વ્યર્થતાના વિરોધમા મૂકી છે

તત્ત્વજ્ઞાનના પરંપરાગત અમૂર્ત ખ્યાલો કે વિભાવોની વ્યર્થતા (પં. ૧ થી ૪, ૧૫), સંસ્કૃતિના પરંપરાગત ખ્યાલો, મૂલ્યો વગેરેની વ્યર્થતા પં ૫ થી ૮, ૧૨ થી ૧૪, ૧૬), એ ખ્યાલો અને મૂલ્યોમાથી કવિ કે કવિતા માટે કશા આંતરિક વૈભવ, પ્રકાશ કે આલેખનની અપ્રાપ્તિ (પં ૯ થી ૧૦, ૧૭), ઉપયોગવાદની વ્યર્થતા (પં ૨૬, ૨૯, ૪૦ થી ૪૨), પરંપરાગત સંસ્કૃતિ આદિના માળખામા કવિ બંધ ન બેસે (પં ૩૨) કવિતાનો વૈભવ અને પ્રકાશ એ જ સાચો ને સર્વાધિક (પં ૧૮): કવિતા જ ઘર અને શય્યાના અનુભવોની – નિત્યના રૂઢ જીવનની અર્થાધાયક બને (પં. ૨૧ થી ૨૪), વર્તમાન નશ્વર સંવેદનોની, પ્રત્યક્ષ અનુભૂતિઓની સાથેનુ અહ વિગલિત તાદાત્મ્ય એ જ કવિતા, એ જ સાચુ જીવન, એ જ સાચો, અંતિમ અર્થ (પં ૧૧, ૨૭ થી ૨૮, ૩૮ થી ૩૯) – આવો છે કાવ્યનો દૃઢ સાર *

૨

કાવ્યમા જે રીતે મહુધ અર્થસબધો કામ કરતા હોય તેનુ સ્પષ્ટ ગ્રહણ થાય તો જ કાવ્ય આપણા સુધી પહોચે કે આપણે કાવ્ય સુધી પહોચીએ પ્રસ્તુત કવિતામા સામસામાં બે અર્થતત્ત્વો સંડોવાયેલા છે

* જુઓ 'ભાષા સાથેનું ભાષામય કોન્સ્ટ્રેશન' એ લેખમા ('પ્રતિમા અને પ્રતિભાવ' ૧૯૮૧ પૃ ૧૩૯–૧૪૮) લાભશકર ઠાકરનુ પ્રસ્તુત કાવ્યનુ દ્યોતક વિવરણ અહી પ્રારંભમા પછીના મુદ્દાઓ માટેની જરૂરી ભૂમિકા અને સંદર્શ લેખે એ જ વસ્તુ ટૂકમા આપી છે.

'તમારે તો સાણુસીનો કરવો છે અર્થ' (પં. ૨૬)
'પણ તમારે તો દરિયાનો કરવો છે અર્થ' (પં ૨૯)
'કિંતુ વ્યર્થ' (પં ૨૫)
'મારી પાસે કવિતાનો નથી કશો નર્થ' (પં. ૪૩)

એ ઉદ્ગારોમા 'અર્થ' કે 'નર્થ' શબ્દ 'તમારી' દૃષ્ટિએ, અન્યોની દૃષ્ટિએ, તત્ત્વત, સસ્કૃતિવાદી કે વ્યવહારિયાની દૃષ્ટિએ સમજવાનો છે પરતુ

'તારા ધગ્ને તુ કવિતાની જેમ/કશો અર્થ દઉ' (પં ૨૨-૨૩)
'તારી શય્યાને કવિતાની ગધ દઉ' (પં ૨૪)
'મારી પાસે નથી એનો અર્થ' (પં ૪૨)

એ ઉદ્ગારોમા 'અર્થ' ને 'ગધ' કવિના દૃષ્ટિકોણથી સમજવાના છે. તે જ પ્રમાણે

'અહનુ બટેરુ ભરી છાશ' (= અહજ્ઞાનથી થતી તૃપ્તિ) (પં. ૪)
'દોમદામ પેઢીઓ' (પં. ૫)
'આપણે શા ઠાઠ' (પં ૯)
'દોમદામ સાહ્યબી' (પં ૧૨)
'સાહ્યબીનો ચહેરો હવે સૂર્ય નહી—
'સૂર્ય હવે છાણનુ અડાયુ' (પં ૧૬-૧૭)
'કૂતરાની પૂછડીનો વાકો વિસ્તાર' (પં ૩૧)

એ ઉદ્ગારોમા 'બટેરુ ભરી છાશ', 'દોમદામ', 'ઠાઠ', 'સાહ્યબી', 'સૂર્ય' અને અસાધ્ય વાકાપણુ – એમનુ અર્થમૂલ્ય પ્રશસ્તિ કે નિંદાનુ (વાચક અર્થમૂલ્ય) સામાન્ય વ્યવહારુ કે પક્તિની દૃષ્ટિએ હોવાનુ સમજવુ પડશે (જોકે આમા 'બટેરુ ભરી છાશ'ની રૂપકમિશ્રિત અન્યોક્તિમાં કવિનુ પોતાનુ સવેદનમૂલ્ય આરોપિત થયુ છે) તો સામે પક્ષે

'ફફડના પડદા', 'ફફડતી ભીત', 'હવડ કમાડ' (પં ૧૨ થી ૧૪)
'છાણનુ અડાયુ' (પં ૧૭) અને 'મારે મન કવિતાની સાહ્યબીના સૂરજ હજાર' (પં. ૧૮)

એમા 'ફફડતા' વગેરે અને 'સાહ્યબી' તથા 'સૂરજ'—એમનુ અર્થમૂલ્ય કવિદૃષ્ટિએ હોવાનુ સમજવુ પડશે

આ ઉપરાંત થોડાક શંકાસ્પદ સ્થાનો પણ છે
'ઓરડામા પડેલો આ અધકાર ઊંચકુ હુ કેમ?' (પં ૧૯)
'કવિતાઈ રણનો પ્રલંબ પટ' (પં ૨૭)
'ઓરડામા સગડવુ આદિ મભી' (પં. ૩૫)
'ખાલીખમ નિ સહાય, ૐ' (પં. ૩૯)

એ ઉદ્ગારોમાં 'અંધકાર', 'રણ', 'સમરકંદ આદિ ભૂમી' અને 'ખાલીખમ' 'નિઃસહાય' એ શબ્દો કોની દૃષ્ટિએ સમજવા? એ કવિની પોતાની અનુભૂતિ છે કે બીજાઓએ કરેલી મૂલવણી છે? 'અંધકાર'ને અમરકૃત આવેગો–વૃત્તિઓનું પ્રતીક ગણીએ તો તેને ઊંચકી ફેંકી દેવાની વાત બીજાઓનો અભિમત વ્યક્ત કરે. પણ તેને કવિની પોતાની અનુભૂતિ ગણીએ તો વાત કવિની દૃષ્ટિએ થઈ. તેનું જ 'રણ' વગેરેનું છે. પણ કવિને માટે તો જે જે કેવળ વર્તમાન, પ્રત્યક્ષ અનુભવ છે ને અર્થવત છે, કવિ લેખે તેને એ જ ખપે છે, એ જ સાચું 'જીવન' છે. તો પછી 'સમરકંદ' 'રણ' 'ખાલીખમ,' 'નિઃસહાય' એ નાસ્તિવાચકોને કોની દૃષ્ટિએ ઘટાવવા? અહીં સંદિગ્ધતા નથી?

'અનમત–શરમત' (પૃ. ૨)ના અર્થઘટનમાં કાંઈક મુશ્કેલી છે. તત્ત્વજ્ઞાને સત્ય તરીકે બહાર મૂકીને જે તત્ત્વો માન્ય કર્યાં છે તેમના મર્મ તરીકે 'અતમન'ને લેવો?

### ૩

એક દૃષ્ટિએ કોઈ પણ કાવ્ય એક જ કહેવાનું વિવિધ ભંગીથી કહે છે, અને એમાં જ કાવ્યત્વ સિદ્ધ થાય છે. એટલે કે કોઈ પણ કાવ્ય અમુક ધારી લીધેલ 'મેટ્રિક્સ' (માતૃકા, ઉત્પાદક ઢાંચો)ના રૂપાન્તરણમાંથી પરિણમે છે. આ 'માતૃકા' એક વાચ્યાર્થક, લઘુત્તમ વાક્ય હોય, જેનું દીર્ઘતર, સંકુલ, વ્યંગ્યાર્થક પર્યાયોક્તિઓમાં રૂપાન્તરણ થતું હોય છે. 'કેવળ કવિતા જ અર્થવત્ છે'–કાંઈક એવા મૂળભૂત વાક્યના પર્યાયભેદો–રૂપાન્તરણો તરીકે 'ઠાગાઠૈયા' કાવ્યને ઘટાવી શકાય. એ ભાવની સાદી અભિવ્યક્તિ તે 'હું તો માત્ર કવિ' (પૃ. ૩૨–૩૩). 'હું તો માત્ર'થી શરૂ થતાં અન્ય વિધાનો (પૃ. ૨૭ થી ૩૯), કવિતા એટલે શું, તે શું કરે, કવિ પાસે શું હોય વગેરેને લગતા ઉદ્ગારો (પૃ. ૧૨, ૧૮–૨૪) અને કવિને બીજી પડી નથી તેને લગતી ઉક્તિઓ (પૃ. ૧–૧૭, ૩૬, ૨૯, ૪૦–૪૩)–એ સૌ વિવિધ ભંગીથી ઉક્ત સાદા વિધાનનું જ વ્યંજિત રૂપમાં આવર્તન છે.

આ પ્રકારના વિવિધ પરોક્ષાર્થક પરિવર્તો દ્વારા કવિતાનો મૂળ ભાવ નિષ્પન્ન કરવાનો જે વ્યાપાર છે, તે જ કવિતાનું તાત્પર્ય અને એ રીતનું તાત્પર્ય પામવું એ જ કાવ્યની ઉપલબ્ધિ.

□

આ સંગ્રહની પ્રસ્તાવના લખનાર જાણીતા ગઝલકાર અને ગઝલ વિવેચક શ્રી ભગવતીકુમાર શર્મા અને કવિ-વિવેચક શ્રી પ્રા. ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા અનુક્રમે શ્રી હરેશ લાલની 'ગઝલો ભાવનિરૂપણ, સંવિધાન-કૌશલ, છન્દશુદ્ધિ, સૌષ્ઠવ અને અકબંધ ગઝલિયતને અનુષંગે ઉત્તરોત્તર ગજુ કાઢતી' તથા 'શબ્દચાતુરીને સ્થાને હવે સુહૃદને પ્રસન્ન કરતી કાવ્ય ચમત્કૃતિ' સાધતી યોગ્ય રીતે જ નોંધી શક્યા છે, પણ શ્રી હરેશ લાલની ગઝલોની ઉપર્યુક્ત વિશેષતા (મૃત્યુભાવ) પ્રત્યે તેમનું ધ્યાન કેમ નથી દોરાયું તેનું મને આશ્ચર્ય છે

આ સંગ્રહમાંથી આપણને ઠીક ઠીક પ્રમાણમાં સારી અને માણી શકાય એવી ગઝલો મળે છે સંવેદનની તીવ્રતા જ્યાં ઊંડી ઊતરી છે ત્યાં આમ બનવા પામ્યું નથી કેટલીક ચાર શેરની ગઝલો ભાવકના મનોવિશ્વમાં ચોટ સાથે સ્થાન મેળવે એ પહેલાં જ પૂરી થઈ જાય છે સંગ્રહમાં મુદ્રણદોષ જવલ્લે જ છે એ માટે અભિનંદન પણ મુખપૃષ્ઠ અને અન્ય આખરી ઓપ આપવામાં નિષ્કાળજી થઈ હોઈ અને સંગ્રહ ઉતાવળે ઉતાવળે પ્રગટ કરી દેવાયો હોય એવું દેખાય છે. નહિતર સંગ્રહ તેમાંની કૃતિઓની ગુણવત્તાની સાથે 'પ્રોડક્શન'ની રીતે પણ સુંદર બનત

રમેશ આચાર્ય

□

## પત્રચર્ચા

સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'પરબ'ના ઑગસ્ટ '૮૨ના અંકમાં પાન પર ઉપર સમાચાર અપાયા છે કે ગુ. સા. પ.ના ઉપક્રમે પ્રo ત્રિવેદી વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં ડૉ પી સી વૈદ્યે 'વિકાસોન્મુખ સમાજના શિક્ષણપ્રશ્નો' વિશે અને પ્રાo આર એસ ત્રિવેદીએ 'શિક્ષણ અને સંસ્થાનવાદી મનોવૃત્તિ' વિશે વલ્લભવિદ્યાનગરમાં જુલાઈની ૨૯ મીએ વ્યાખ્યાનો આપ્યાં સાહિત્ય પરિષદ સાહિત્યેતર વિષયોની વ્યાખ્યાનમાળા સાથે સંકળાયેલી છે તે બદલ અને અધિકારી વક્તાઓ તે પ્રાપ્ત કરી શકી અને વિષયો પણ ઘણા સારા ખોળી શકી તે બદલ ધન્યવાદ પરન્તુ આ કાર્યક્રમના કોઈ જાતના અહેવાલો અથવા ખુદ વક્તવ્યો જ 'પરબ'માં છાપી વાચકોને કેમ ન પિરસાયા તેનું દુઃખદ આશ્ચર્ય મને છે આ બાબતે હજુ કંઈ થઈ શકે તો સારું મારો તો દૃઢ આગ્રહ પણ ખરો કે 'પરબ'ના પાને જ તે છપાય અને સુજ્ઞ વાચકો તે નિમિત્તે જરૂરી ચર્ચામાં ભાગ પણ લે.

(ગાંધીનગર)

ડંકેશ ઓઝા

## ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત અનુસ્નાતક સ્વાધ્યાય અને સંશોધનની સંસ્થા

# શ્રી ક લા સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન

ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુજરાતના વરિષ્ઠ સારસ્વત શ્રી રસિકલાલ પરીખનું કાર્યક્રમના દિવસે પહેલી નવેમ્બરને સોમવારે સવારે સાડા દસ વાગ્યે અવસાન થયું હોઈ શ્રી ક લા સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટન-સમારંભમાં ઉત્સાહનું વાતાવરણ ન હતું પણ એક નવી વિદ્યાકીય શરૂઆત દ્વારા રસિકભાઈને અંજલિ આપવાની જવાબદારી હતી આ ભૂમિકા સાથે મહેમાનોનો પરિચય આપતાં પરિષદ્-મંત્રી શ્રી રઘુવીર ચૌધરીએ કહ્યું કે જેમની સર્જકતા અને વિદ્વત્તાનો રાષ્ટ્રીય કક્ષાએ સમાદર થયો છે એવા ઉમાશંકરભાઈને ઉદ્ઘાટન માટે સંમત કરાવી શકાયા એ પરિષદના કાર્યકરો માટે ગૌરવની વાત છે અતિથિવિશેષ શ્રી ભીખુભાઈ પારેખ સમાજશાસ્ત્ર અને સંબંધિત વિદ્યાશાખાઓના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે એમનું માર્ક્સવાદ વિશેનું પુસ્તક ખાસું એવું ચર્ચાયું છે વડોદરા યુનિવર્સિટીના કુલપતિ તરીકે ગુણવત્તાનો આગ્રહ રાખતાં એમણે સંઘર્ષ વહોરવાની શક્તિ દાખવી છે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો કે એસ શાસ્ત્રી સંસ્કૃત અલંકારશાસ્ત્ર સાથે આધુનિક નાટક અને કલાઓમાં જીવંત રસ ધરાવે છે એમની કર્મઠતા, કુનેહ અને વ્યવસ્થાશક્તિ સુવિદિત છે વિરોધી લાગતી વસ્તુની પણ સારપ સ્વીકારવી અને મદદરૂપ થવું એ એમના વ્યક્તિત્વની ખાસિયત છે

સ્વાધ્યાયમંદિર સાથે શેઠશ્રી કસ્તૂરભાઈનું નામ જોડવાનું સૂચન શ્રી શ્રેણિકભાઈનું ન હતું પરિષદના કાર્યકરોનું હતું શ્રેણિકભાઈ મદદ કરીને અનપેક્ષ ભાવે બાજુ પર રહેવા માગતા હતા એમની સજ્જનતા ઉદારતાનો પર્યાય છે

આટલી પ્રાસ્તાવિક ભૂમિકા બાદ પરિષદ-પ્રમુખ શ્રી દર્શકે સાહિત્ય-સંશોધનના આ ઉમદા કાર્યનો પુરસ્કાર કરનાર સૌનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું.

આ સંગ્રહની પ્રસ્તાવના લખનાર જાણીતા ગઝલકાર અને ગઝલ વિવેચક શ્રી ભગવતીકુમાર શર્મા અને કવિ-વિવેચક શ્રી પ્રા. ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા અનુક્રમે શ્રી હરેશ લાલની 'ગઝલો ભાવનિરૂપણ, સંવિધાન-કૌશલ, છન્દશુદ્ધિ, સૌષ્ઠવ અને અરૂઢ બધ ગઝલિયતને અનુષંગે ઉત્તરોત્તર ગજું કાઢતી' તથા 'શબ્દચાતુરીને સ્થાને હવે સુહૃદને પ્રસન્ન કરતી કાવ્યચમત્કૃતિ' સાધતી યોગ્ય રીતે જ નોંધી શક્યા છે, પણ શ્રી હરેશ લાલની ગઝલોની ઉપર્યુક્ત વિશેષતા (મૃત્યુભાવ) પ્રત્યે તેમનું ધ્યાન કેમ નથી દોરાયું તેનું મને આશ્ચર્ય છે

આ સંગ્રહમાંથી આપણને ઠીક ઠીક સંખ્યામાં સારી અને સાચી ગઝલો મળે છે. સંવેદનની તીવ્રતા જ્યાં ઊણી ઊતરી છે ત્યાં આમ બનવા પામ્યું નથી કેટલીક ચાર શેરની ગઝલો ભાવકના મનોવિશ્વમાં ચોટ સાથે સ્થાન મેળવે એ પહેલાં જ પૂરી થઈ જાય છે સંગ્રહમાં મુદ્રણદોષ જવલ્લે જ છે એ માટે અભિનંદન. પણ મુખપૃષ્ઠ અને અન્ય આખરી ઓપ આપવામાં નિષ્કાળજી થઈ હોઈ અને સંગ્રહ ઉતાવળે ઉતાવળે પ્રગટ કરી દેવાયો હોય એવું દેખાય છે નહિતર સંગ્રહ તેમાંની કૃતિઓની ગુણવત્તાની સાથે 'પ્રોડક્શન'ની રીતે પણ સુંદર બનત

**રમેશ આચાર્ય**

□

## પત્રચર્ચા

સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'પરબ'ના ઑગસ્ટ '૮૨ના અંકમાં પાન પર ઉપર સમાચાર અપાયા છે કે ગુ મા પ ના ઉપક્રમે પ્રા० ત્રિવેદી વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં ડૉ પી સી વૈદ્યે 'વિકાસોન્મુખ સમાજના શિક્ષણપ્રશ્નો' વિશે અને પ્રા० આર એસ ત્રિવેદીએ 'શિક્ષણ અને સંસ્થાન-વાદી મનોવૃત્તિ' વિશે વલ્લભવિદ્યાનગરમાં જુલાઈની ૨૯મીએ વ્યાખ્યાનો આપ્યાં સાહિત્ય પરિષદ સાહિત્યેતર વિષયોની વ્યાખ્યાનમાળા સાથે સંકળાયેલી છે તે બદલ અને અધિકારી વક્તાઓ તે પ્રાપ્ત કરી શકી અને વિષયો પણ ઘણા સારા ખોળી શકી તે બદલ ધન્યવાદ પરન્તુ આ કાર્યક્રમના કોઈ જાતના અહેવાલો અથવા ખુદ વક્તવ્યો જ 'પરબ'માં છાપી વાચકોને કેમ ન પીરસાયાં તેનું દુઃખદ આશ્ચર્ય મને છે આ બાબતે હજુ કંઈ થઈ શકે તો સારું માગો તો દૃઢ આગ્રહ પણ ખરો કે 'પરબ'ના પાને જ તે છપાય અને સુજ્ઞ વાચકો તે નિમિત્તે જરૂરી ચર્ચામાં ભાગ પણ લે.

(ગાંધીનગર) **ડંકેશ ઓઝા**

## ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત અનુસ્નાતક સ્વાધ્યાય અને સંશોધનની સંસ્થા

# શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન

